

# વાયડામિત્ર

વર્ષ : ૯૮, જાન્યુઆરી – ૨૦૨૦, અંક : ૧
કિંમત રૂ ૩૦ (વાર્ષિક)

ગણતંત્ર દિવસ અને મકરસંક્રાંતિની
ખૂબ ખૂબ શુભકામનાઓ



With Best compliment form

# Shree Vayad Group of Companies

**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samarinandan Projects pvt. Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

Bipin Shah
Geeta Shah
Dhaval Shah

Trupti Rajendra Shah
Rahul Shah

Jitendra Shah
Sunita Shah

**Address**

7, Badeshwar Building, Opp. One up Store, Rajawadi,
M.G. Road, Ghatkopar, East Mumbai - 400 077
Ph. 022-21027687, E-Mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

**જાન્યુઆરી - ૨૦૨૦, પ્રત–૧૧૨૬, વર્ષ–૯૮, અંક–૧**

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ


| | | |
|---|---|---|
| શ્રી શશાંકભાઈ આઈ. શાહ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી સુનીલભાઈ આર. શાહ | અમદાવાદ | ઉપપ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ એન. પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ એસ. શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી અને સહમંત્રી |
| શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ એસ. શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પી. શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ બી. શાહ | મુંબઈ | ટ્રસ્ટી |


**માનદ્ તંત્રી અને પ્રકાશક : શ્રી શ્રેણીકભાઇ એન. પરીખ**

બી–૭, શ્રી સિદ્ધિ ડુપ્લેક્ષ, એપોલો હોસ્પિટલ સીટી સેન્ટર પાસે,

પરિમલ ગાર્ડન નજીક, આંબાવાડી, અમદાવાદ–૩૮૦૦૦૬.

ફોન નં.: ૯૭૨૪૪૪૮૧૪૯ (સાંજે ૭.૦૦ પછી) ઈમેઈલ : snp4758@gmail.com

**માનદ્ વ્યવસ્થાપક : શ્રી નિશીથભાઈ એ. પરીખ**

ડી/૬૦૨, વિષ્ણુધારા ગાર્ડન્સ, ઈલોગીયા હોટલ પાછળ,

ઓફ એસ.જી. હાઈવે, ગોતા–જગતપુર રોડ, અમદાવાદ–૩૮૨૪૭૦

ફોન નં.: ૯૪૨૮૪૬૧૮૨૨ (સાંજે ૯.૦૦ પછી) ઈ–મેઈલ : naparikh7@yahoo.in

### મેમ્બરશીપ લવાજમ

**ભારતમાં:** રૂ.૩૦/–(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં :** રૂ. ૫૦૦૧/– સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ શ્રી નિશીથભાઈને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે. ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

# વર્ષ ૨૦૨૦ના અગત્યના સંકલ્પો



દર વર્ષે આપણને સંકલ્પ લેવાની ઈચ્છા થાય છે, કે આ વર્ષમાં હું આમ કરીશ અને તેમ કરીશ, પણ અમુક સમય પછી તેનું ફીડલુ વળી જતું હોય છે અને આપણે 'જૈસે થે' ની પરિસ્થિતિમાં આવી જઈએ છીએ. ભલે, પણ અહીં આપણે આ વર્ષે લેવા જેવા અગત્યના સંકલ્પો જોઈશું. જો બને તો તેના પર યોગ્ય અમલ કરવો જોઈએ.

આ વર્ષે આપણે આપણા ધાર્મિક પુસ્તકો ઘરમાં વસાવીશું અને તેનું સમય મળે ત્યારે વાંચન પણ કરીશું. રામાયણ, મહાભારત, ભગવદ્‌ગીતા આ ફક્ત પુસ્તકો નથી, આપણી જીવનશૈલી છે, આપણા ધર્મગ્રંથો છે, આપણા દરેક પ્રશ્નના જવાબ છે, આપણું સર્વસ્વ છે. આ ગ્રંથ સારા પ્રસંગે ભેટમાં પણ આપી શકાય જેથી વધારે ને વધારે લોકો આપણી વિસરાઈ જતી ધરોહરને યાદ રાખે સાથે સાથે સ્વામી વિવેકાનંદ, વીર સાવરકર, ચંદ્રશેખર આઝાદ, ભગતસિંહ, ચાણક્ય ના પુસ્તકો પણ વાંચવા જોઈએ અને ભેટ આપવા જોઈએ.

મહિલા સલામતી બાબતે આ વર્ષે સંકલ્પ લઈ શકાય કે દરેક મહિલા જાતે સશક્ત બને અને પોતાની સલામતી માટે શું કરી શકાય તે માટે કમર કસે, ઉપરાંત બીજી મહિલાઓને પણ આ સશક્તિકરણના અભિયાનમાં જોડે, દરેક પુરુષ મહિલાઓ પ્રત્યે આદરભાવ થી વર્તન કરીશ તેવો સંકલ્પ લે અને જ્યાં મહિલા મુસીબત માં હોય ત્યાં તેમની મદદ કરે. સમાજ અને મહિલા મંડળ પણ આ બાબતે શિબિર નું આયોજન કરવાનો સંકલ્પ લઈ શકે છે.

આ વર્ષે જો ફરવા જવાનું આયોજન હોય તો સંકલ્પ લઈ શકાય કે આપણી ધરોહર સમાન હિન્દુ મંદિરો અને હિન્દુ સ્થાપત્યોની ચોક્કસ મુલાકાત લઈશું. આપણા દેશમાં એવા અનેક ઐતિહાસિક મંદિરો અને સ્થાપત્યકલાના ઉત્તમ ઉદાહરણ છે, જેની કોઈ મુલાકાત લેતા નથી, તેના માટે ગુગલ ઉપરાંત ઘણા પુસ્તકો પણ ઉપલબ્ધ છે, જેમાંથી માહિતી મેળવી તેની મુલાકાત લઈ શકાય અને બાળકો ને પણ ભારતીય સંસ્કૃતિ થી રૂબરૂ કરી શકાય.

આ વર્ષે આપણે આપણા દેશને કેવી રીતે ઉપયોગી થઈ શકાય તેનો પણ સંકલ્પ લઈ શકાય. આપણને આપણી દેશભક્તિની ભાવના હવે પ્રબળ બનાવવાની જરૂર લાગે છે, રાષ્ટ્રવાદી બનવાની જરૂર લાગે છે, તેવા સમયમાં આપણે સૌ હિન્દુઓ જ્ઞાતિ – સમાજના

વાડા માંથી બહાર આવી આપણે આપણા દેશ માટે પણ કંઈક કરવાની ભાવના કેળવવી જોઈએ, દેશ નું સૈન્ય બળ આપણા માટે બલિદાન આપે છે, તેવા સમયમાં આપણે પણ આપણી રીતે આ બાબતે યોગ્ય પ્રયત્નો કરવાનો સંકલ્પ લઈ શકાય.

આ વર્ષે આપણે દરેકે સેફટી નિયમોનું પાલન સારી રીતે કરવાનો પણ સંકલ્પ લઈ શકાય, જેમકે, વાહન યોગ્ય રીતે ચલાવવું, હેલ્મેટ પહેરવું, સોશ્યલ મીડીયાનો યોગ્ય ઉપયોગ કરવો, ટેક્ષ સમયસર ભરી દેવો, સ્વચ્છતા જાળવવી, વિગેરે, આમ કરીને આપણે દેશના વિકાસમાં આપણી ભાગીદારી નોંધાવી શકીએ છીએ.

આ વર્ષે આપણે સંકલ્પ લઈ શકાય કે આપણા દરેક હિન્દુ તહેવારો આપણે ખૂબજ ધામધૂમથી અને સારી રીતે ઉજવીશું. આપણા દરેક તહેવારની એક અલગ ખાસિયત છે, તે તહેવાર આપણા જીવનમાં નવા રંગ પૂરે છે અને જીવન પ્રત્યે આપણો દ્રષ્ટિકોણ બદલે છે, હા, અમુક વાતો જેમકે, ઉતરાયણમાં પક્ષીઓનું ધ્યાન રાખવું, ચાઈનીઝ દોરી ન વાપરવી તેવી અમુક વસ્તુઓનું ધ્યાન રાખીને પણ ખુબ જ ઉલ્લાસથી આપણા તહેવારોની ભવ્ય ઉજવણી કરવાનો સંકલ્પ લઈ શકાય.

આ સાથે એક ખાસ અગત્યનો સંકલ્પ પણ લેવા જેવો છે, આપણું પર્યાવરણ આપણા હાથમાં જ છે, આ વર્ષે આપણે સહુ કુદરત પ્રત્યે પણ સભાન બનીએ, પર્યાવરણ ની સમસ્યા પ્રત્યે હવે બેદરકાર રહેવા જેવું નથી જ, સહુના સાથ થી જ સહુ નો વિકાસ શક્ય છે, ત્યારે આપણે આપણા પર્યાવરણ માટે શું કરી શકીએ? એ બાબતે પણ વિચારવાની તાતી જરૂરીયાત છે પછી એ પ્લાસ્ટિક નો ઉપયોગ હોય, વૃક્ષો ની જાળવણી હોય, પાણીનો યોગ્ય ઉપયોગ હોય, કચરાનો યોગ્ય નિકાલ હોય, આપણે શું કરવું છે ? અને દેશને કઈ દિશામાં લઈ જવો છે તે હવે આપણો સંકલ્પ જ નક્કી કરશે.

છેલ્લો, અને ખુબ જ અગત્યનો સંકલ્પ, આપણે સૌએ જેમને મત આપીને સંપૂર્ણ બહુમતી વાળી સરકાર બનાવી છે, તેમના પર સંપૂર્ણ વિશ્વાસ રાખવો, કોઈનાય દોરવાયા દોરવાઈ જવું નહીં અને અફવાઓની જાળમાં ફસાવું નહીં. આપણી રાષ્ટ્રવાદની સંકલ્પના સાકાર કરવા તેઓ પણ ઘણી મહેનત કરી રહ્યા છે, તો આપણે તેમના વિરોધી ના બનતા તેમને સંપૂર્ણ સહકાર આપીશું.

**મણકો**

સંકલ્પ થી જ સિધ્ધિ મળશે, સંકલ્પ કરવો ખુબ જરૂરી છે,
આખો પહાડ ચડવો હોય તો, કીડી જેવો સંકલ્પ પણ જરૂરી છે.

**– રિપલકુમાર પરીખ**

# મહાભારત : મનન અને મંથન



મહાભારત ઋષિગ્રંથ છે. ઋષિમાર્ગમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ–ચાર પુરુષાર્થોનું સંતુલન છે. આ ગ્રંથ માત્ર મોક્ષમાર્ગ નથી, તેમાં સતત આત્મા અને પરલોકની વાત નથી. આ ગ્રંથ મુખ્યત્વે આ લોકનો છે.

મહાભારત સંપૂર્ણ વ્યવહારને બનાવનારો વ્યવહારિક ગ્રંથ છે. જેણે વ્યવહાર શીખવો હોય તેણે મહાભારતનું અધ્યયન જરૂર કરવું જોઈએ. જેને વ્યવહારયોગ આવડે તે જીવનમાં સફળ થઈ શકે. રામાયણ આદર્શવાદી મહાકાવ્ય છે પરંતુ વેદ વ્યાસે રચેલું મહાભારત વાસ્તવવાદી મહાકાવ્ય છે. તેમાં આદર્શવાદનો આગ્રહ નથી છતાં સદ્ અને અસદ્ તત્ત્વોનું મિશ્રણ ધરાવતાં મનુષ્યે જીવનનો વ્યવહાર કેવો રાખવો જોઈએ તેવું વ્યવહારુ અભિગમ અપનાવી જીવન જીવવા માટેનું માર્ગદર્શન વ્યાસજીએ આપ્યું છે.

મહાભારતને અંતે વ્યાસજી કહે છે–ત્રાજવાના એક પલ્લામાં તમામ પુરાણો મૂકી બીજા ત્રાજવામાં એકલું મહાભારત મૂકો તો તે પૂરતું છે. તેમાં તમામ બાબતોનો સમાવેશ થયો છે. એટલે જ કહે છે યન્ન ભારતે તન્ને ભારતે (જે મહાભારતમાં નથી એ ભારત દેશમાં નથી)

મહાભારતના અભ્યાસ દરમ્યાન કેટલાક રોચક પ્રસંગો, તથ્યો અને સત્યો જડયા છે તે અહીં પ્રસ્તુત છે.

(૧) મહાભારત અને અન્ય ગ્રંથોમાં ૧૪ વર્ષ સતત દુષ્કાળ, સરસ્વતી નદી લુપ્ત થવાની ઘટના તથા વેદોના લુપ્ત થવાની વાત વારંવાર કહેવામાં આવી છે. આ વાસ્તવિક ઘટના હતી જેને કારણે ઈ.સ. પૂર્વે ૧૫૦૦ માં સિંધુઘાટીની સભ્યતા નષ્ટ થઈ ગઈ. એ સમયે જ વેદિક વિચારધારા સંપૂર્ણ નષ્ટ થઈ ગઈ અને માત્ર વિચાર, પ્રથા અને રીતરિવાજ બાકી રહી ગયા.

(૨) સત્યવતી પોતાના પિતાનું ઉપેક્ષિત સંતાન હતી. તેના પિતા ઉપરીચરે તેના ભાઈને અપનાવી લીધો પરંતુ સત્યવતીને માછીમારોને સોંપી દીધી. કદાચ આ જ કારણે પોતાનું સંતાન રાજ સિંહાસન પર આવશે એવી શરત રાખી હતી. વેદવ્યાસે સત્યવતીના ભાગ્યપરિવર્તનનો નિર્દેશ કર્યો છે, નહીં તો ઈતિહાસ બદલાઈ ગયો હોત.

(૩) દ્રૌપદીને પાંચ પુત્રો છે. યુધિષ્ઠિરથી પ્રતિવિંધ્ય, ભીમથી સતસોમ, અર્જુનથી શ્રુતકીર્તિ, નકુલથી શતનિક અને સહદેવથી શ્રુતસેન–આ પાંચ પુત્રોનો અશ્વત્થામા વધ કરે છે. પાંડવોને દ્રોપદી ઉપરાંત અન્ય પત્ની હતી. યુધિષ્ઠિરનું લગ્ન શૈવ્ય જનજાતિના ગોવસનની પુત્રી દેવિકા સાથે થયું જેનાથી યૌધ્ધેય નામનો પુત્ર પ્રાપ્ત થયો. ભીમનું લગ્ન હિડિમ્બા ઉપરાંત કાશીનરેશની પુત્રી બાલંધરા સાથે થયું જેનાથી સવાંગ નામનો પુત્ર થયો. નકુલનું લગ્ન ચેદીની રાજકુંવરી કરેણુમતિ સાથે થયું જેનાથી નિરમિત્ર નામનો પુત્ર થયો. સહદેવનું લગ્ન મદ્રનરેશ ધુતિમતની પુત્રી વિજયા સાથે થયું જેનાથી સુહોત્ર નામનો પુત્ર પ્રાપ્ત થયો. અર્જુનનાં ઉલુપી, ચિત્રાંગદા અને સુભદ્રા સાથે લગ્નો થાય છે. જો કે દ્રૌપદીએ પાંચ પતિઓની અન્ય કોઈ પણ પત્નીને રાજપ્રાસાદમાં રાખશે નહીં તેવી શરત કરી હતી.

(૪) કર્ણ બહુ જ મોટો દાનવીર હતો. કૃષ્ણે બ્રાહ્મણનું સ્વરૂપ લઈને મૃત્યુની ક્ષણ પહેલાં કર્ણ પાસે સ્વર્ણ માંગ્યું. કર્ણે પોતાનો દાંત તોડીને આપ્યો. એકવાર સતત વરસાદ વરસી રહ્યો હતો એક વ્યક્તિ, જેનો પુત્ર અવસાન પામ્યો હતો તેની અંતિમ ક્રિયા માટે લાકડાની માંગણી કરી. કર્ણે ભારે વરસાદમાં પણ પોતાનું ઘર તોડીને લાકડું આપ્યું.

(૫) એકલવ્યનો કપાયેલો અંગૂઠો દુનિયાના શ્રેષ્ઠ ધર્નુધર તરીકે અર્જુનની મજાક છે. બીજાથી શ્રેષ્ઠ બનીને મહાન બનાય છે એમ નહીં, પણ પોતાના કરતાં શ્રેષ્ઠ લોકોનું અહિત કરીને પણ સફળ બનાય છે. પોતાની લીટી મોટી કરીને નહીં, પણ બીજાની લીટી નાની કરીને પણ સફળ બનાય છે. દુનિયા અત્યારે આવા અપ્રામાણિક સિધ્ધાંત પર જ ચાલે છે.

(૬) પાંડુએ પત્ની કુંતીને, વિદૂર પોતાનો નાનો ભાઈ હોવાને કારણે પુત્ર પ્રાપ્તિ માટે તેની સાથે સંસર્ગ માટે જણાવેલ. પરંતુ કુંતી દુર્વાસા ઋષિએ આપેલા મંત્રનો ઉપયોગ કરે છે. વિદૂર યમરાજા છે. યમ પ્રથમ દેવતા છે જેને કુંતીએ બોલાવ્યા. યુધિષ્ઠિર યમના પુત્ર છે. વિદૂરને પિતાતુલ્ય ગણે છે. માંડવ્ય ઋષિના શાપથી યમરાજા પૃથ્વી પર વિદૂર થઈને જન્મ લે છે. અંત સમયે વિદૂરના પ્રાણ જયોતિરૂપે યુધિષ્ઠિરમાં સમાઈ જાય છે.

(૭) પુરાતન સમયમાં દેવતાઓને પ્રસન્ન કરવા માટે હોમ–હવન–યજ્ઞ થતા હતા. કૃષ્ણના જન્મથી પૃથ્વીવાસી દેવતાઓ માટે પૂજાપાઠની શરૂઆત થઈ. પૂજા એ વેદિક ગ્રંથમાં

બતાવેલ પ્રાથમિક કર્મકાંડથી તદ્દન અલગ છે. પૂજામાં કોઈ દિવ્ય મૂર્તિ કે તસ્વીરનું ધ્યાન ધરવામાં આવે છે. પુષ્પ, મિષ્ટાન્ન, જળ અર્પણ કરવામાં આવે છે. પૂજામાં પુ એટલે પુષ્પ એવો અર્થ થાય છે.

(૮) મહાભારતમાં વર્ણિત સમાજ ગાય પર નિર્ભર હતો. ગાયોને ચોરી જવા (ગો હરણ) માટે થતા પ્રયત્નો મોટે ભાગે યુદ્ધમાં પરિણમતા. અન્ય અર્થમાં ગાયો ચોરવી એ વેદિક કાળમાં યુદ્ધ આરંભ કરવાનો સૌથી સરળ ઉપાય હતો. ગાયોને જુગારમાં દાવ પર પણ લગાડવામાં આવતી હતી.

(૯) કૃષ્ણે શા માટે દ્રૌપદી સ્વયંવરમાં ભાગ ન લીધો ? દ્રૌપદી એ સંસારનું પ્રતીક છે. દ્રૌપદીને બચાવવા માટે સ્વયં ઈશ્વર આવ્યા છે.

(૧૦) જૈન પરંપરા પ્રમણે એક યુગમાં ૬૩ મહાકીર્તિમાન વિભૂતિ પેદા થાય છે, જેને શલાકાપુરુષ કહે છે. જેમાં ૨૪ તીર્થંકર, ૧૨ સમ્રાટ અથવા ચક્રવર્તી અને ત્રણ યોદ્ધાના નવ સમૂહ એટલે ૨૭. હવે પછીના સંસારચક્રમાં બલરામ તીર્થંકર બનશે કારણે કે તે શાંતિપ્રિય છે એટલે અહિંસાના જૈન સિદ્ધાંતનું પાલન કરશે. તીર્થંકર એટલે નશ્વર માનવ અને સર્વોચ્ચ સત્તા વચ્ચે સેતુનું કાર્ય કરે છે. કૃષ્ણ બોધિસત્વનું રૂપ છે એટલે કરુણામય અને બુધ્ધિમાન છે, જેઓ માત્ર મનુષ્યની નશ્વરતાને સમજતા જ નથી, પરંતુ તેના પ્રતિ તેમના મનમાં કરુણા છે. વળી કૃષ્ણ ન્યાયપ્રિય છે.

(૧૧) દ્રૌપદીને નિવસ્ત્ર કરવાનો પ્રયાસ કોઈ સ્રીનું ચીરહરણ ન હતું પરંતુ આખી સભ્યતાનું ચીરહરણ હતું. પોતાના હાર્યા બાદ કોઈ વ્યક્તિ શું પોતાની પત્નીને દાવ પર લગાવી શકે ? આ પ્રશ્ન જોરશોરથી કુરુ સભામાં ગૂંજે છે. જે નિરુત્તર રહે છે. સ્ત્રી એ શું કોઈ ચલસંપત્તિ છે જે દાવ પર લગાવી શકાય ?

(૧૨) કૃષ્ણ એકવાર પાંડવો સાથે નદીમાં સ્નાન કરી રહ્યા હતા ત્યારે તેમનું અધોવસ્ત્ર નદીના તેજપ્રવાહમાં નીકળીને પાણીમાં વહી ગયું. દ્રૌપદીએ તેમની લાજ બચાવવા માટે પોતાના શરીર પરથી વસ્ત્ર ફાડીને શરીર ઢાંકવા કૃષ્ણને આપી દીધું. કૃષ્ણે આ ઉપકારનો બદલો દ્રૌપદીના ચીરહરણ વખતે વસ્ત્ર આપીને ચૂકવ્યો. અન્ય લોકપ્રિય કથા પ્રમાણે શિશુપાલ પર સુદર્શન ચક્ર ચલાવતા કૃષ્ણની આંગળી જખ્મી થાય છે અને લોહી નીકળે છે. દ્રૌપદી તત્કાળ પોતાની સાડીનો છેડો ફાડીને કૃષ્ણની જખ્મી આંગળી પર બાંધે છે. ત્યારે કૃષ્ણે વચન આપ્યું કે દ્રૌપદી જયારે

સ્વ. રમણલાલ બ્રેડીના પરિવારના જય શ્રી કૃષ્ણ.

વસ્ત્રની જરૂર પડશે ત્યારે તેઓ આપશે.

(૧૩) પાંડવો હંમેશા નારાયણ (બળ, શ્રદ્ધા, ભકિત)ની ઉપાસના કરતા હતા જયારે કૌરવો નારાયણી (લક્ષ્મી, સૌભાગ્ય)ની ઉપાસના કરતા હતા. કૌરવોનું જીવન રાજમહેલમાં અમનચમનથી પસાર થાય છે. કૌરવો ભાગ્યશાળી છે જયારે પાંડવો ભાગ્યહીન છે. પાંડવોનો જન્મ જ વનમાં થાય છે. લાક્ષાગૃહ બાદ તેમણે જંગલમાં આશરો લીધો હતો. ધૂતક્રીડામાં હાર્યા બાદ વનવાસ કરવો પડે છે. પાંડવોએ સમૃધ્ધ થવા માટે બુદ્ધિ, શકિત અને એકતા પર નિર્ભર રહેવું પડે છે.

(૧૪) પાંડવોએ પિતામહ(ભીષ્મ), ગુરુ (દ્રોણ), ભાઈ (કર્ણ) સાથે લડવું પડયું. દુર્યોધનની પત્ની ભાનુમતિ શલ્યની પુત્રી હતી. તેને અર્જુન પ્રત્યે પ્રેમ હતો પરંતુ પોતાના પિતાએ તેની નિયુકિત દુર્યોધનની સાથે કરી હોવાથી તેની સાથે લગ્ન કરે છે. શલ્ય શ્વસુર હતા તેથી તેમણે કૌરવો તરફથી લડવાનું પસંદ કર્યું. કૃષ્ણની સલાહથી કર્ણને તેમણે ટોણાં માર્યા. શલ્યના મૃત્યુ બાદ તેમની ઈચ્છાથી રાજય પોતાના ભાણા–માદ્રીના પુત્રો નકુલ અને સહદેવને સોંપ્યા. તેઓનું જીવન યુધિષ્ઠિર, ભીમ અને અર્જુનની પ્રતિચ્છાયામાં જોઈ શકાય છે.

(૧૫) વેદિક યુદ્ધ મૂળે દ્વંદ્વ હતું જેમાં વિપક્ષના બન્ને મુખ્ય યોદ્ધા એકબીજા સામે જ લડતા હતા. દરેક યોદ્ધા રથ પર સવાર હતા અને આજુબાજુના સૈનિકો લડવાને બદલે તેનો જયઘોષ કરતાં. આ ધર્મયુદ્ધ હતું જેથી સૂર્યાસ્ત બાદ યુદ્ધની સમાપ્તિ થછી શત્રુના ગઢમાં જઈ શકાતું. રથી સામે માત્ર રથી, ગજારોહી સામે ગજારોહી (હાથી), પેદલ સામે માત્ર પેદલ, અશ્વરોહી સામે માત્ર અશ્વરોહી જ લડી શકે. સ્રીઓ અને બાળકો પર વાર ન થાય, નિશસ્ત્ર પર વાર ન થાય, અસ્વસ્થ, શરણાર્થી તેમજ યુધ્ધમાંથી હટી જાય તેની સામે યુધ્ધ ન કરાય. આ યુધ્ધમાં ઘણા નિયમો તોડવામાં આવ્યા. જેમાં યુધ્ધભૂમિ પર કોઈ સ્ત્રી નહીં લડે (શિખંડી દ્વારા ભીષ્મની હત્યા), એકલ યોધ્ધા પર આક્રમણ નહીં (અભિમન્યુ), સૂર્યાસ્ત બાદ યુધ્ધ નહીં થાય(જયદ્રથ), પશુવધ નહીં થાય (અશ્વત્થામા હાથી), અસત્ય પ્રચાર નહીં થાય (દ્રોણ), હથિયાર છોડી દેનાર પર વાર નહીં થાય (દ્રોણ), ધનુષ્ય નીચે રાખનાર યોધ્ધા સાથે યુધ્ધ નહીં થાય (કર્ણ), કમર નીચે કોઈપણ ઘા નહીં લાગે (દુર્યોધન) તેમ જ સૂઈ જનાર વ્યકિત પર વાર નહીં થાય (દ્રૌપદીના પુત્રો).

(૧૬) કૃષ્ણે સ્વમુખે એમની જીવનદ્રષ્ટિ પ્રગટ કરી છે. કુળને માટે માણસનો ત્યાગ કરવો, ગામને માટે કુળનો ત્યાગ કરવો, દેશને ખાતર ગામનો ત્યાગ કરવો,

જ્યોતિબેન કેશવલાલ શાહ પરિવાર, (મુલુન્ડ – મુબઈ)જય શ્રી કૃષ્ણ.

આત્માને ખાતર બધાનો ત્યાગ કરવો (ઉદ્યોગપર્વ). વ્યાપક ધર્મની રક્ષા માટે, સંકુચિત ધર્મનો ભોગ આપવો એ જ ધર્મ છે. મહાભારતમાં કૃષ્ણ દેખાય છે ત્યારે તરત જ તેમના મુખેથી 'ધર્મતઃ' શબ્દ આવે છે. 'ધર્મતઃ' એટલે માણસ, ધર્માનુસાર વર્તન કરે તે વાત સદાસર્વદા ઈચ્છનીય ગણાઈ છે.

(૧૭) વિષ્ણુ દ્વારા રામાવતારમાં સૂર્યપુત્ર સુગ્રીવનો સાથે આપ્યો અને ઈન્દ્રપુત્ર બલિનો વધ કર્યો. કૃષ્ણાવતારમાં સૂર્યપુત્ર કર્ણનો વધ કરાવ્યો અને ઈન્દ્રપુત્ર અર્જુનને સાથ આપ્યો. આમ બન્ને જીવનકાળમાં સંતુલન સ્થાપવાનો પ્રયાસ કરે છે. એ જ રીતે રામાયણમાં રામ ભગવાને વાલીનો વધ પીઠમાં બાણ મારીને દ્વંદ્વ સમયે કર્યો હતો. અન્યાયપૂર્વક હરકત બદલ વાલીએ વિરોધ કર્યો. ભગવાને તેને જરાના રૂપમાં પુનર્જન્મ લેવા દીધો અને સ્વયં કૃષ્ણના અવતાર લીધા પછી તે જ રીતે તીર મારીને મારવાનો અધિકાર આપ્યો.

(૧૮) સારથી અધિરથ પુત્ર કર્ણે સારથિની ભૂમિકા ન નિભાવી ક્ષત્રિય બન્યો. કૃષ્ણે સારથિની ભૂમીકા નિભાવી અને યુધ્ધમાં લડવાનો ઈન્કાર કરી દીધો.

(૧૯) ઉપનિષદમાં યાજ્ઞવલ્કય ઋષિ કહે છે–જીવનરથના બે પૈડાં છે–વાસના અને ભાગ્ય. સાવિત્રી ગહન વાસનાને પોતાની દ્રઢ ઈચ્છાશક્તિના રૂપમાં પ્રગટ કરીને પોતાના ભાગ્યમાં આમૂલ પરિવર્તન લાવે છે. હિન્દુ સ્ત્રીઓના વ્રત–ઉપવાસ–કિર્તન વગેરે આ પરિપેક્ષ્યમાં જોઈ શકાય છે, જે પરિવારનું ભાગ્ય બદલી શકે છે.

(૨૦) મહાભારતમાં વેદવ્યાસ કહે છે.–કલિયુગ એવા સમયનું પ્રતીક છે જેમાં મનુષ્યનો ઉદારભાવ સમાપ્ત થઈ જશે. જીવનનું પ્રયોજન સંપત્તિ અને તેના સંચયનું જ રહી જશે. તે ઝઘડા–વિવાદોનું મૂળ બની રહેશે. વળી તેઓ કહે છે–પૃથ્વીને ભોગવવાનો અધિકાર માત્ર યુવાનો ને જ છે. કેટલી દૂરદંશીભરી વાત છે!

(૨૧) વેદવ્યાસ વિનાશ જોઈ શકયા હતા પણ એટકાવી ન શકયા. માટે મહાકાવ્યને અંતે તેઓ દુઃખપૂર્વક આક્રોશ વ્યકત કરે છે. "આ હું ઊંચા હાથ કહીને પોકાર કરી રહ્યો છું પરંતુ મને કોઈ સાંભળતું નથી. ધર્મથી અર્થ અને કામ બન્નેની પ્રાપ્તિ થાય છે. લોકો તેનો આશ્રય કેમ નથી લેતા?" માત્ર અડધા શ્લોકમાં જ વેદવ્યાસે જીવનનીતિ સમજાવી દીધી છે.

**– હિમાંશુ શાહ**

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ

## અદ્ભુત અતુલ્ય સંસ્કૃત



ગુજરાતીમાં એક કહેવત છે – 'ભાષાને શું વળગે ભૂર, રણમાં જે જીતે તે શૂર' પરંતુ એ તો બોલવા અને લડવા વચ્ચેની તુલના થઈ. વાસ્તવમાં તો ભાષા એ મનુષ્યના વિકાસનું દર્શન છે. ભાષા જ માનવની સંસ્કૃતિનું વહન કરે છે. કોઈ મનુષ્ય કેટલો સંસ્કારી છે તે તેની ભાષા પરથી નક્કી કરી શકાય છે. આટલું નક્કી થયા પછી બીજો પ્રશ્ન એ થાય કે જો ભાષા સંસ્કારોનું પ્રદર્શન કરતી હોય તો પછી સ્વયં ભાષા પણ સંસ્કારયુક્ત હોવી જોઈએ કે નહીં ? ચોક્કસ હોવી જોઈએ. એટલે જ જે ભાષા તેના સર્વ સંસ્કારોથી યુક્ત છે એ સંસ્કૃત છે અને એટલે જ તે ભાષા સંસારની શ્રેષ્ઠ ભાષા છે.

કોઈ એવો પ્રશ્ન કરી શકે, કે સંસ્કૃતને કેવી રીતે શ્રેષ્ઠ ભાષા કહી શકાય ? તે તો પ્રાચીન અને મૃત ભાષા છે ! આ પ્રશ્નનો ઉત્તર અત્યંત વિસ્તૃત રીતે આપી શકાય એમ છે. પરંતુ તેની કેટલીક એવી વિશેષતાઓ અહીં પ્રસ્તુત છે જેનો જવાબ વિશ્વની કોઈ ભાષા પાસે નથી.

૧. સંસ્કૃતમાં કુલ ૪૮ મૂળાક્ષરો છે, જેમાં ૧૩ સ્વરો છે. તેમાંના अ,उ અને इ એવાએવા સ્વરો છે જે ૧૮ રીતે ઉચ્ચારી શકાય છે.(એટલે કે તે સ્વર એકલો, કે કોઈપણ વ્યંજન સાથે જોડાય તો તે વર્ણ ૧૮ પ્રકારે ઉચ્ચારિત થાય). વળી વિસર્ગ (૦:) સંસ્કૃતની પોતાની વિશેષતા છે. સંસ્કૃત વર્ણના શુધ્ધ ઉચ્ચારથી તથા અનુસ્વાર અને વિસર્ગના યોગ્ય ઉચ્ચારણથી પ્રાણનું નિયમન થાય છે. જેને સાદી ભાષામાં પ્રાણાયામ કહેવાય છે.

૨. સંસ્કૃત ભાષામાં શબ્દનિર્માણનું અદ્‌ભુત સામર્થ્ય છે. ઉદાહરણ તરીકે માત્ર गम ધાતુમાંથી કેટલા શબ્દો બનાવી શકાય તે જોઈએ. गत, गतक, गतिक, अगतिक, गत्वन, गत्वर, गन्तृ, गन्त्रिका, गम, गमथ, गमन, गमनिका, गमयितृ, गमित, गमिन्, गमिष्ठ, गमिष्णु, गम्यमान, गामिक, गामुक, गामिन्, अतिगम, अतिग, अधिगम, अधिगत, अधिगन्तृ, अधिगम्य, अधिगन्तव्य, अधिगमन, गमिष्णु, गम्यमान, गामिक, गामुक, गामिन्, अतिगम, अतिग, अधिगम्, अतिग, अधिगम, अधिगत, अधिगन्तृ, अधिगम्य, अधिगन्तव्य, अधिगमन, अधिगमनीय, अनुगम्य, अनुगम, अनुगत,

ગો.વા. રમેશચંદ્ર કાંતિલાલ પરીખ (કડી)ના જય શ્રી કૃષ્ણ હ. માલતીબેન, દેવીબેન, અરૂણાબેન

રીલીફ સિનેમા, અમદાવાદ (ઈન્દુભાઈ ડી. શાહ એન્ડ બ્રધર્સ)ના સૌજન્યથી.

अनुगति, अनुगम्य, अनुगामुक, अनुग, अनुगन्तव्य, अनुगतिक, अनुगम्य, अभिगामिन्... अवगम... आगम्... आगन्तुक... उद्गम, दुर्गम,... निगम,... परागम्... प्रगम्... विगम्... સડમ... અહીં દરેક પૂર્વગ સાથે ઉપર જેટલા જ રૂપો ગણી લેવા. આ ઉપરાંત गच्छामि જેવા ૧૦ લકારના ૯૦ રૂપો ખરા જ. વળી, એ ધાતુ પરથી બનતા ગંતવ્ય કૃદન્તો ઉમેરતા તેની સંખ્યા કેટલી થાય તેનો અંદાજ લગાવતા અન્ય ભાષાઓની તો અલ્પતા જણાઈ આવે છે.

૩. સમાનાર્થી શબ્દોની સંખ્યા જોતાં પણ સંસ્કૃત ભાષાનો વૈભવ તરત સમજાઈ જાય છે. પાણી, અગ્નિ, પૃથ્વી જેવા પ્રાકૃતિક અને પુરુષ, સ્ત્રી આદીના લક્ષણો અનુસારનાં નામોની સંખ્યા કોઈ પણ ભાષા કરતા વધારે છે.

૪. સંસ્કૃત ભાષાનું માળખું એટલું સજ્જડ છે કે તેમાં વાક્ય કોઈ પણ ક્રમમાં એક જ અર્થ આપે છે. જેમ કે, નીચેના વાક્યો એક જ અર્થના ઘોતક છે.

पुरुषोत्तम : रामः सायं काले दुष्टं रावणं बाणेन हन्ति ।

रामः सायं काले पुरुषोत्तमः दुष्टं रावणं बाणेन हन्ति ।

रावणं पुरुषोत्तम रामः सायं काले दुष्टं बाणेन हन्ति ।

सायं काल रावणं पुरुषोत्तमः रामः दुष्ट बाणेन हन्ति ।

हन्ति सायं काले दुष्टं रावणं पुरुषोत्तमः रामः बाणेन ।

૫. સંસ્કૃતની ભાષાપૂર્ણતાના કારણે તેમાં જે રચનાઓ થઈ છે તેવી રચનાઓ અન્ય કોઈ ભાષામાં સંભવ નથી. અહીં નીચે તો માત્ર નામના જ ઉદાહરણો આપ્યા છે.

૧. यायायायायायायायायायायाया ।
 यायायायायायायायायायायाया ।

આ શ્લોકમાં એક જ વર્ણ या અનુષ્ટુપ છંદમાં ૮+૮+૮+૮ એમ ૩૨ વખત પ્રયોજાયો છે. અને આ શ્લોક સંપૂર્ણ પણે સાર્થક છે. તેમાં આ મુજબ પદો ગોઠવાયા છે.

– यायाया+आय+आयाय+अयाय+अयाय+अयाय+अयाय+अयाय+यायाय+आयाययाय+आयाया+या+ या+ या+ या+ या+ या+या+या+या

૨. उरुगुं द्युगुरुं युत्सु चुक्रुशुस्तुष्टुवुः पुरु।
 लुलुभुः पुपुषुर्मुत्सु मुमुहुर्नु मुहुर्मुहः ॥

આ શ્લોકમાં માત્ર ઉ સ્વરનો જ પ્રયોગ થયો છે.

ગોકુલ મેટરલાઈઝર પ્રા. લિ. (અમદાવાદ)ના સૌજન્યથી.

३. वारणागगभिरा सा साराभीगगणारवा ।
कारितारिवधा सेना नासेधावरितारिका ॥

ઉપરનો શ્લોકમાં પ્રથમ અને બીજી પંક્તિ આગળથી અને પાછળથી સમાન રીતે વાંચી શકાય છે.

४. वाहवाजनि मानासे साराजावमातत:।
मत्तसारगराजेभे भारीहावज्जनध्वनि॥
निध्वनज्जवहारीभा भेजे रागरसात्तम:।
ततमानवजारासा सेना मानिजनाहवा ॥

તો આ શ્લોકોમાં પહેલો શ્લોક આખો ઉલટી રીતે રચાઈને બીજો શ્લોક બન્યો છે.

५. काड्क्षन्पुलोमतनयास्तनपीडितानि ।
वक्ष: स्थलोत्थितरयाज्चनपीडितानि॥




અહીં શ્લોકની બંને પંક્તિઓમાં એકાંતરે સમાન વર્ણો આવે છે. આને 'ગોમૂત્રિકા' બંધ કહેવાય છે.

६. देवाकानिनि कावादे वाहिकास्वस्वकाहि वा ।
काकारेभभरेकाका निस्वभव्यव्यभस्वनि ॥

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| दे | वा | का | नि | नि | का | वा | दे |
| वा | हि | का | स्व | स्व | का | हि | वा |
| का | का | रे | भ | भ | रे | का | का |
| नि | स्व | भ | व्य | व्य | भ | स्व | नि |
| नि | स्व | भ | व्य | व्य | भ | स्व | नि |
| का | का | रे | भ | भ | रे | का | का |
| वा | हि | का | स्व | स्व | का | हि | वा |
| दे | वा | का | नि | नि | का | वा | दे |

સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

આ પદ્ય સર્વતોભદ્ર પ્રકારનું પદ્ય છે. જેમાં કોઈપણ તરફથી વાંચવામાં આવશે તો સીધે – ઉલટે એ જ પ્રકારે વાંચી શકાશે. અહીં પહેલા ચરણના ચાર વર્ણો દરેક ચરણના પ્રથમ અક્ષરો છે. બીજા ચરણના પ્રથમ ચાર અક્ષરો દરેક ચરણના બીજા–બીજા અક્ષરો છે. એવી જ રીતે ત્રીજા નાને ચોથા ચરણોના પ્રથમ ચાર અક્ષરો દરેક ચરણના ત્રીજા અને ચોથા અક્ષરો અક્ષરો છે.

૭. रामो राजमणि सदा विजयते रामं रमेशं भजे रामेणाभिहते निशाचरचमू रामाय तस्मै नमः।

रामात्रास्ति परायणं परतरं रामस्य दासोस्म्यहं रामे चित्तलयं सदा भवतु मे भो राम। मामुद्धर ॥

આ શ્લોક 'અ'કારાંત પુલ્લિંગના એકવચનનું જ્ઞાન આપતો શ્લોક છે. જેમાં 'રામ' શબ્દના દરેક વિભક્તિના એકવચનના રૂપો છે અને સાથે સાથે રામની સ્તુતિ પણ છે. એટલે એક સાથે રામની ભકિત પણ થાય અને વિભક્તિનું જ્ઞાન પણ ખરુ ।

૬. સંસ્કૃતિમાં વિજ્ઞાનનો ખજાનો છે. જે સંસ્કૃતને જાણે છે તે આ વિજ્ઞાનને પણ જાણી શકે છે. જગદીશચંદ્ર બોઝને વનસ્પતિમાં જીવન છે એવું જ્ઞાન મહાભારતના એક શ્લોકમાંથી મળ્યું હતું. આર્યભટ્ટે આપેલુ પાઈનું માપ જુઓ.

चतुरधिकं शतमष्टगुणं द्वाषष्टिस्तथा सहस्त्राणाम् ।
अयुतद्वयविष्कंभस्यासन्नो वृत्तपरिणाहः ॥

અર્થાત્ (માપ) ૧૦૦+૪ ૮+૬૨૦૦૦ એ (માપ) ૨૦૦૦૦ નો વ્યાસ ધરાવતા વર્તુળની પરિધિ હોય. આ માપ ચાર દશાંશ ચિહ્નો સુધી ચોક્કસ છે.

૯મી સદીમાં થયેલા શંકર વર્મને તો આ માપ (૩.૧૪૧૫૯૨૬૫૩૫૮૯૭૯૩૨૪)૧૭ દશાંશ ચિહ્નો સુધી ચોક્કસ આપ્યું છે.

આવું તો કેટલુંય વિજ્ઞાન સંસ્કૃત ગ્રંથોમાં છુપાયેલું છે. સંસ્કૃતના ગ્રંથો જીવ, રસાયણ, ભૌતિક જેવા મૂળ વિજ્ઞાન ઉપરાંત ભાષાશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન, રાજયશાસ્ત્ર, કાયદાશાસ્ત્ર જેવા પાયાના શાસ્ત્રોની સાથે નૌકાશાસ્ત્ર, વિમાનશાસ્ત્ર, યંત્રશાસ્ત્ર જેવા કોઈ પણ સમયે ઉપયોગી શાસ્ત્રોને સમાવીને બેઠેલા છે.

૭. સંસ્કૃત માનવજીવનના ઉચ્ચતમ સત્યોને સાકાર કરનારી સંસ્કૃતિને વહન કરનારી ભાષા છે. આથી આ જ્ઞાન માત્ર અને માત્ર સંસ્કૃતના અધ્યયનથી જ શકય છે. ૬૪

કળાઓ, ઉચ્ચ નૈતિક મૂલ્યો, વાસ્તવિક યોગનું જ્ઞાન, અધ્યાત્મ, પ્રકૃતિનું વિજ્ઞાન વગેરે બાબતો જાણવા માટે આપણે ફરીથી સંસ્કૃતના શરણે જવું જ પડશે.

જ્યાં સુધી ભારત દેશને સંબંધ છે ત્યાં સુધી સંસ્કૃત વગર આ દેશનો કોઈ આધાર કે ઉદ્ધાર નથી. જ્યાં સુધી વૈશ્વિકરણની દંભી ઉદારતા ને છોડીને ભારતીય સંસ્કૃતિની પ્રાકૃતિક ઉદારતાને અપનાવી દેશાભિમાન નહીં કેળવીએ ત્યાં સુધી આપણે પશ્ચિમી દેશોના ગુલામ જ રહેવાના.

संस्कृतं ये प्रशंसन्ति ये प्रशंसन्ति संस्कृतिम् ।
स्वदेशं ये च शंसन्ति धन्य जीवन्ति ते नराः ॥

**– ડો. મેહુલ શાહ, ભૂજ**

## શ્રી વાયુદેવતા મંદિર, વડોદરા

૧. શ્રી વાયડ ખાતે વડોદરાની ચોકીના રીનોવેશન માટે વાયડા વણિક જ્ઞાતિજનો તરફથી નીચે પ્રમાણેની રકમનું ડોનેશન હાલમાં પ્રાપ્ત થયેલ છે.

– રૂા. ૫૦,૦૦૦૦ – શ્રી એમ.ઓ.દેસાઈ (મુંબઈ), ઓચ્છવલાલ જે. દેસાઈ અને શાન્તાબેન ઓ. દેસાઈના સ્મરણાર્થે

– રૂા. ૨૫,૦૦૦ – કિર્તિદાબેન જે. પરીખ (વડોદરા), બાળા ગૌરીબેન શાહના સ્મરણાર્થે

– રૂા. ૧૧,૦૦૦ – શ્રી યોગેશભાઈ આર. દેસાઈ (વડોદરા)

આપ સૌનો ખુબ આભાર

૨. શ્રી વાયુદેવતા મંદિર, વડોદરાનું રંગરોગાનનું કાર્ય હાથ ધરવામાં આવેલ છે. સદર કામ માટે આશરે એક લાખ રૂપિયાનું ખર્ચનું એસ્ટીમેન્ટ આવેલ છે. જે માટે જ્ઞાતિજનોના થોડા સહયોગ પ્રાપ્ત થયેલ છે. આપ પણ પોતાનો સહયોગ નોંધાવી શકો છો. આ માટે શ્રી હર્ષદભાઈ શ્રોફ ફોન નં. (ઓ) ૨૩૫૬૧૨૯ (ઘર) ૨૩૧૧૮૫૧ ઉપર અથવા શ્રી વાયુદેવતા મંદિરે સંપર્ક કરી શકો છો. આપ સૌના સહકારની અપેક્ષા સાથે.

**– શ્રી વાયુદેવતા મંદિર, વડોદરા**

# ‘મરીઝ’



‘મરીઝ’ વિષે લખવાની મારી કોઈ લાયકાત નથી. એમ મુઠી ઉંચશે માનવી, અલ્લાહનો બંદો એવો આ શાયર. ગુજરાતી સાહિત્યના નભનો એક ઝળકતો સિતારો છે. ભલે એ ચાલ્યો ગયો પણ હજુ ગુજરાતી વાચકોના હૈયામાં ગુજરાતી સાહિત્યને તેની રચનાઓથી અમુલ્ય વારસો આપતો ગયો છે. તેનું ગુજરાતી શાયરી અને ગઝલમાં પ્રદાન અવર્ણનીય છે. તે અમીટ છાપ મુકીને ચાલ્યો ગયો છે.

મૂળ સુરતનો વતની નામ અબ્બાસ અબ્દુલઅલી વાસી. ભણતર બે ચોપડી. શાયરીનો શોખ એટલે વાંચન ઘણું અને તેમાંય ઉર્દુનું ખાસ. તેના પ્રિય શાયરો અનીર મીર અને મોમીન. સંતાનમાં એક દિકરો અને એક દિકરી. આર્થીક સ્થિતિ સારી ન કહી શકાય. ભણવામાં બિલકુલ રસ ન હતો. શાળાએ જવાનું કહી સ્ટેશન પર આગગાડી જોવા પહોંચી જતો. સુરત છોડી ૧૬/૧૭ વર્ષની ઉંમર મુંબઈ સ્થાયી થયો. પ્રથમ કવિતા ૧૪ વર્ષની ઉંમરે લખી હતી.

શાયરીઓએ સમૃધ્ધ કર્યો અને શરાબે તેનું હીર ચુસી લીધું. શરાબની લતને કારણે અનઅધિકૃત દાતાઓ પાસે હાથ લાંબો કરવો પડયો. અરે! ગઝલો પણ વેચવી પડી.

‘મરીઝ’ એ એવા ગઝલકાર છે જેમની કવિતામાં ગૌરવ અને લોકપ્રિયતા સંપીને વસે છે. ‘મરીઝ’ની લાક્ષણિક્તા વર્ણવવી હોય તો એમ કહી શકાય કે નરી સરળતા અને વેધક્તાથી તેની ગઝલનું વ્યકિતત્વ બંધાયું છે.

‘મરીઝ’ની કવિતામાં લાગણી છે પણ લાગણીવેડામાં ખપી જાય તેવો લલકાર નથી. આ કવિ દુનિયા અને દુનિયાદારીને વણતા પણ એના પ્રત્યે એમને કોઈ બળાપો, ઉહાપોહ ફરીયાદ નથી. એમની ગઝલોમાં પ્રેમનું સત્વ જ કદાચ સૌથી મહતવનું સ્થાન લઈ લે છે. પ્રેમ, મિલન, વિરહ, શંકા, બેવફાઇ, આત્મ પરીક્ષણ, જીવન, મૃત્યુ, ખુદા એ બધા વિષે મરીઝની કૃતિઓ માંથી કાંઈક ને કાંઈક કાવ્યમય મળે છે પણ એ એક જ રીતે :

‘સઘળું કરી રહ્યો છું વિધિસર કહ્યા વિના’

‘મરીઝ’ની ગઝલની સૌથી મોટી સિધ્ધી એ છે કે એમની ગઝલ કયારેય સપાટીને

સ્પર્શતી નથી 'મરીઝ'ને સમુદ્રની ભરતીમાં રસ છે નકશા પરના સમુદ્રમાં નહીં. ચપટા થઈ ગયેલાં પ્રતિકોનો મરીઝ સામાન્ય રીતે ઉપયોગ નથી કરતાં અને જ્યારે કરે છે ત્યારે એને કોઈ નવી જ ધાર વડે કરે છે. ક્યારેક એમ થાય છે કે એમની ગઝલના છુટક છુટક શેરોનો જ આસ્વાદ લઈએ તો જ મરીઝ ની ખરી ખુબીઓનો ખ્યાલ આવશે.

'હો ગુર્જરીની ઓથ ઉર્દુની ઓ 'મરીઝ'
ગઝલો ફક્ત લખાય છે દિલની ઝબાનમાં'
'આવીને આંગળીમાં ટકોરા રહી ગયા
સંકોચ આટલો ન કોઈ બંધ દ્વાર છે'

વ્યક્તિને પામવાની ઉત્કંઠા તીવ્ર હોવાં છતાં પણ એના બંધ દ્વાર જે બારણે કદી ટકોરા પડયા જ નથી એ ટકોરા બધા જ આંગળીએ આવીને હોઠ બીડીને પડી રહ્યા છે. એમાં ઉર્મિના આલેખનની નજીકથી ભરી માવજત છે, પ્રણયની વિફળતાનું જે નીરવ છે એ સાંભળ્યા વિના કેમ રહેવાય. પ્રણયની વિફળતા નું નિરૂપણ એમની ગઝલમાં અવારનવાર રીતે થતું હોય છે. આવો આ શાયરની દ્વાર માણીએ ...

'રહેતો હતો કદી કદી ઝુલ્ફોની છાંયમાં
મારા નસીબમાંથી એ અંધકાર પણ ગયો'
'મુજ પર સિતમ કરી ગયા મારી ગઝલના શેર
વાંચીને એ રહે છે બીજાના ખ્યાલમાં'
'આવી ઉદાસ આંખથી જોવું બીજી તરફ
ઝંખે છે મારા પડખે આ કોના મિલનને તું ?'

'મરીઝ'ની ગઝલમાં એવા કેટલાય શેર છે જે આત્મ સંભારણાનો આકાર થઈને આવે છે.

'છે સ્ખલન બે ત્રણ પ્રસંગોમાં મને પણ છે કબુલ
કોણ જાણે કેમ આખી જિંદગી બદનામ છે'

ભાગ્યમાં જે ઉત્તમ છે એમન પશ્ચાતાપનો પ્રસંગ નથી બનતો. આવી જ વાતને 'મરીઝ' હસતાં હસતાં અને વધારે ગંભીર રીતે કહે છે.

''મરીઝ' ગાળાને એમાં જ પી રહ્યા છો શરાબ,

અમર નૈમિષભાઈ પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

કદી ન પીવાની વાળીની જે રૂમાલમાં ગાંઠ'
'કેમ હો જીવનનું ધડતર જયારે હું શીખ્યો 'મરીઝ'
કોણ જાણે કેમ આખી જિંદગી ચાલી ગઇ.'
'મોત વેળાની અચ્ચાશી નથી ગમતી 'મરીઝ'
હું પથારી પર રહું ને આખું ઘર જાગ્યા કરે'
'જિંદગીના રસને પીવામાં કરો જલ્દી મરીઝ
એક તો ઓછી મદીરા છે અને ગળતુ જાય છે'

આવી ઊર્મિની પારદર્શકતા, ઉક્તિની વેધક સરળતા, કલાત્મક રીતે પ્રકટ થતું જીવનનું દર્શન અને કહેવાતી ચતુરાઈનો સંદતર અભાવ મરીઝની સૌથી મોટી સંપત્તિ છે. એમની પહેલાં અને એમની પછી ઘણાં શાયરો આવી ગયાં પણ 'મરીઝ' તો 'મરીઝ' છે. તેમની ગઝલો, તેમનાં શેર એ ગુજરાતી સાહીત્યનો સમૃધ્ધ ખજાનો છે.

**સંકલિતઃ ગૌતમ શાહ**
**અમદાવાદ**

**થઈ જાશું**

અમે ના સંત થઈ જાશું ના શૈતાન થઈ જાશું
અમે ઇન્સાન થઈ આવ્યા છીએ ઈન્સાન
થઈ જાશુ.
અમે ના ઓટ થઈ જાશું ના ભરતી થઈ જાશુ
અમે ધીમે અમે ધીમે અમી ઉતારતો સાગર
થઈ જાશુ.
અમે ના સાજ થઈ જાશુ ના સરગમ થઈ જાશુ
અમે દિલની અગન બુઝાવવા મલ્હાર
થઈ જાશુ.
અમે તો યાર થઈ જાશુ ને કોઈ નો પ્યાર થઈ જાશુ
અરે, તમે કહો તો તમારું હૃદય ધબકાર
થઈ જાશુ.

**– મધુસુદન શાહ**

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

## વાયડામિત્રના અતીતમાંથી
## લોહીના લાડુ

ઉપરનો શબ્દ મેં નથી શોધ્યો. મેં શોધ્યો હોત તો ઘણાને એ ન ગમત. એટલે વાયડમાં ભરાયેલી પરિષદના પ્રમુખના ભાષણમાંથી ઉપરના શબ્દો હું અહીં ટાંકીશ ! આપણે પ્રેતભોજન કરીએ – લોહીના લાડું ખાઈએ – એ કેટલું બેહૂદું છે ?

જગત આખું પરિષદ ભરે અને વાયડા કોમ એ વગર રહી જાય એ કાંઈ ઠીક કહેવાય ? એટલે વાયડમાં આપણે પરિષદ ભરી અને એક પછી એક ઠરાવ પસાર કર્યા, પણ એ બધું પોથીમાંના રેંગણ જેવું હતું એમ શું નથી લાગતું ?

પ્રમુખના ભાષણાંથી હું બીજો એક ઉતારો આપું. "જો જ્ઞાતિની નિર્ધનતા ટાળવી હોય તો જ્ઞાતિવરા ફરજીયાત રીતે બંધ કરી દેવાવા ઠરાવવું જોઈએ." અને આ ઠરાવ એકમને પસાર પણ થયો. પણ ત્યાર પછી કેટલકેટલાં બારમાં થયા એની કોઈએ પરવા કરી છે ?

પણ પરવા કોણ કરે ? જ્યાં ખોટી કીર્તિના મોહમાં બધાં તણાય ત્યાં કોણ કોને વારે ? હમણાં જ અમદાાદમાં એક ભાઈને ત્યાં એમના સ્વજન દેવલોક પામ્યા. "યુવક મંડળે તેમને ખર્ચ નહિ કરવાનો કાગળ લખ્યો. તે ભાઈએ જવાબ આપ્યો, હું વરો નહિ કરવાને તૈયાર છું. એના બદલે ન્યાતમાં રૂા. ૩૫૧/– આપું, પણ ન્યાતને ચોપડે એવો ઠરાવ થવો જોઈએ કે કોઈ વરો કરે તો તેના રૂા. ૧૫૧/– દંડ." પણ ન્યાતને કોણ ભેગી કરે ? કુંભકર્ણની ઘોર નિંદ્રામાં ઉંઘવાનો ઢોંગ કરતી જ્ઞાતિને ઘંટાનાદ કરી કોણ જગાડે !

તે પછી લાડુ થયા અને ઉડાવાયા ! તમે તમારે પરિષદો ભર્યા કરો, મરજી ફાવે એટલા ઠરાવો ઘડી કાઢો, પણ અમે તો જમવાના તે જમવાના ! આવા નફ્ફટ જવાબ આપનારનો દુકાળ નથી પડયો એટલું ધ્યાનમાં રાખવું જોઈએ.

પણ એથી કંઈ આશા છોડવાની નથી. જેને આંખ હશે તે જોશે કે જગતમાં સજ્જડ પરિવર્તન થઈ રહ્યું છે. થોડા જ વર્ષોમાં સામાજીક તેમજ રાજકીય ભયંકર ક્રાંતિ થશે, અને એના પુરમાં મને તમને સાથે ઘસડાવું

પડશે.

આ બધી તો દૂરની વાત રહી પણ જે “વાયડા મિત્ર” વાંચતું હશે એ જાણતા હશે, કે અત્યાર સુધી ઘણાએ યુવાનોની જીવનભર પ્રેતભોજન નહિ જમવાની પ્રતિજ્ઞાઓ આવી ગઈ છે.

પ્રેતભોજનનો અંત આણવાનો સાચો રસ્તો પરિષદમાં ઠરાવ પસાર કરવા એ નથી, એ હવે સૌને સમજાયું હશે. એનો સાચો રસ્તો એ છે કે પ્રતિજ્ઞા લેનારની સંખ્યા દિન પર દિન વધારવી. વરા કરનાર ભલે વરા કરે, પણ જમનારૂં કોઈ ન મળે એવી સ્થિતિ આપણે પેદા કરવી. મરણ પાછળ થયેલાં લાડુ કુતરા બિલાડાં પણ ન સુંઘે એવું વાતાવરણ આપણે ઉત્પન્ન કરવું. અને આમ કરીએ તો જ પ્રેતભોજનને ઘડીના છઠ્ઠા ભાગમાં દફનાવી શકીએ.

આ વસ્તુ બહુ અઘરી નથી. પ્રતિજ્ઞા લેનાર થોડાને જે વાત સુજી છે તે બધાને સુજે તો વરા કાલ બંધ થાય. હા, એ વાત ખરી છે કે દૂર દૂરના જે આદર્શને માટે આપણે કામ કરીએ છીએ, તેના કરતાં તૈયાર થયેલા લાડુ આપણને વધુ લલચાવે છે ! પણ ઘડા રૂપ થઈ પડશે અને મને ખાત્રી છે કે વખત એવો આવશે, જ્યારે ઘણાં વાર્યા નહિ નમે તે હાર્યા નમશે.

આ વખતે કેટલીક બેનોએ પ્રતિજ્ઞા લીધી છે. એમાં કંઈ વિશેષ નથી, પ્રેતભોજન જેવા ખોટાં ખરચો બંધ થાય એવી ઈચ્છા ઘણાંયે હૃદયમાં થતી હશે – જેવો પુરૂષ હૃદયમાં તેવો જ સ્ત્રી હૃદયમાં. સહીઓ લેવામાં કંઈ દબાણ થયું છે એમ કોઈ ન માને. સ્વેચ્છાએ લીધેલી આ પ્રતિજ્ઞાઓ છે એમ સૌ સમજે. આનો ધડો જ્ઞાતિજનો લેશે કે ? કે પછી બધાયે જાગે ત્યાં સુધી આપણે ઉંઘવું જ છે ?

હજુ પણ આપણે એક બીજો અખતરો કરીએ. ચૈત્રના સંઘ વખતે વાયડમાં આપણે એક યુવક – પરિષદ ભરીએ. મરણ પાછળ નહિ જમવાની પ્રતિજ્ઞા લે તે બધા એના સભ્ય બની શકે. બીજા કેટલાક ઠરાવો ત્યાં જ આવે. પૃથ્વી અને આકાશ વચ્ચે કોક ઝાડ તળે આપણો માંડવો થશે. માતાના ધામે તેના બાળકોના ઉધ્ધારની વાતો થાય, એનાથી બીજું રૂડું સું ? જેને હૈયા ઝણઝણાટી હોય તે બધાને ત્યાં નોતરૂં છે.

– **પુરૂષોત્તમ વી. શાહ**

તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## આફ્રિકન ડાયરી – લાગોસમાં પ્રવેશ – ભાગ ૩



પાન એમની ફ્લાઈટ લાગોસના મુરનાલા મહમદ એરપોર્ટ પર લેંડ થયી. લોકલ ટાઈમ પ્રમાણે સાંજના સાત વાગ્યા હતા. આખરે મંઝિલ નજીક આવતી દેખાઈ. નવો દેશ, નવી જગ્યા, નવા ચહેરા – મનમાં અનેક વિચારોએ મને ઘેરી લીધો.

પ્લેનમાંથી ઉતરી ઈમીગ્રેશન કાઉન્ટર પર લાઈનમાં ઊભો રહી ગયો સાથે પાસપોર્ટ અને અન્ય દસ્તાવેજો તૈયાર રાખ્યા હતા. મારો નંબર આવતા પાસપોર્ટ કાઉન્ટર પરના ઓફીસરને આપ્યો. ઓફિસરે પુછતાછ ચાલુ કરી શા માટે આવ્યા છો, ક્યાં જવાના છો વિ. વિ. મેં બધી વિગતવાર વાત કરી. લાગોસની કંપનીનો એપાઇન્ટમેન્ટ લેટર બતાવ્યો ઓફિસરે બધા દસ્તાવેજોની ચકાસણી કરી. પછી મને કહે તમે અહીં નોકરી નહીં કરી શકશો. તમારા વર્કપરમીટના વિઝા એકસપાયર થઈ ગયા છે. મેં એમને નૈરોબીથી લીધેલ વીઝા બતાવ્યા. મને કહે એ વીઝીટર્સ વીઝા છે અને એના આધારે તમે અહીં કામ ન કરી શકો અમે તમને મુંબઈ પાછા મોકલી આપશું. એમ કહી મને અંદર એમની ઓફીસમાં લઈ ગયા. મારા તો હોશકોશ જ ઊડી ગયા.

અનેક વિચારો સાથે ઓફીસમાં ગુમશુમ બેસી રહ્યો કાંઈ સુઝતું નોતું હવે શું કરવું ? આખરે હિંમત કરી ઓફીસરને વિનંતી કરી. એ મને મોટા ઓફીસર પાસે લઈ ગયો. મેં એમને બધી વાત કરી અને કોઈક રસ્તો કાઢવા કહ્યું પછી સાહેબ કહે પાંચસો ડોલર આપો. તમારૂં કામ થઈ જશે. હું તો હેબતાઈ ગયો. ઓફીસમાં માણસોની અવર-જવર ચાલુ હતી. મારી પાસે એટલા પૈસા પણ નહીં હતા. ઓફીસર ૫૦૦ ડોલર ને વળગી રહ્યા. હું ત્યાં બેસી રહ્યો. હવે શું કરવું ?

થોડા સમય પછી લાઉડ સ્પીકર ઉપર જાહેરાત થતી સાંભળી, મને જે ભાઈ એરપોંટ પર લવા આવેલ તેમણે મારૂં નામ બોલી જાહેરાત કરાવી કે મારે તેમને એરપોંટની બહાર અમુક જગાએ મળવું. મને હવે જીવમાં જીવ આવ્યો. મેં ઓફીસરને વિનંતી કરી કે મને બહાર જવા દો. હું પૈસા લઈને આવું છું. ઓફીસરે રજા આપી. હું સિક્યુરીટી ગાર્ડ ને કહી જાહેરાતમાં જણાવ્યા મુજબ તે જગ્યાએ ઊભો રહ્યો. ઘણો સમય વિતી ગયો. પરંતુ મને લેવા આવેલ ભાઈનો ભેટો ન થયો ખાલી હાથે ઓફીસમાં પાછો પહોંચ્યો અને બધી વાત કરી. મારી પાસે ૧૫૦ ડોલર હતા. તે મેં ઓફર કર્યા. થોડી હાનાકાની પછી ૧૫૦ ડોલર લઈ મારા પાસપોર્ટ માં સ્ટેમ્પ મારી આપ્યો. હસવુ કે રડવુ સમજાતું ન હોતું.

ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

પાસપોર્ટ અને હેન્ડબેગ લઈ લગેજ કાઉન્ટર પાસે પહોંચ્યો. મારી ફલાઈટના લગેજ કાઉન્ટર પર બધે ફરી વળ્યો. સમય ઘણો વીતી ગયો હતો. મારી બેગ કયાંય દેખાણી નહીં. આમ તેમ આંટા મારતો હતો. ત્યાં એક ભારતીય ભાઈ મને મલ્યા આ એ જ ભાઈ હતા જે મને લેવા આવ્યા હતા. એમનું નામ મી. પીલાઈ મેં એમને બધી વાત કરી. અમે ત્યાંથી લગેજ રૂમ પર પહોંચ્યા. મી. પીલાઈએ સીકયુરીટી ગાર્ડને અમુક પૈસા આપ્યા. અમે અંદર ગયા. મારી બેગ એક ખુણામાં પડી હતી. બેગ લઈ અમે બહાર આવ્યા. કંપનીની વાનમાં ગોઠવાયા એકાદ કલાકે કંપનીના ફલેટ પર પહોંચ્યા. રાતના ૧૨ વાગવા આવ્યા હતા. થોડો આહાર લઈ અમે બેડરૂમ ભેગા થયા. મને પાછળથી જાણ થઈ કે થોડા પૈસા સીક્યુરીટી ગાર્ડ ને આપી તમે કોઈને રીસીવ કરવા પ્લેનના દરવાજા સુધી પણ પહોંચી શકો !

લાગોસ નાઈજીરીયાનું અને સમગ્ર આફ્રિકાનું સૌથી વધુ વસ્તીવાળું શહેર છે. લાગોસ આફ્રિકાનું આર્થિક સેન્ટર પણ છે. અહીં આફ્રિકાનું સૌથી મોટું અને વ્યસ્ત બંદર આવેલું છે. નાઈજીરીયાની સ્થાપના વખતે લાગોસ તેની રાજધાની હતી. હાલમાં નાઈજીરીયાની રાજધાની અબુજા શહેર છે. લાગોસનું હવામાન લગભગ મુંબઈ જેવું જ છે. ફુટબોલ નાઈજીરીયાની સૌથી પ્રિય રમત છે લાગોસના રેતાળ બીચો ખૂબ જ પ્રખ્યાત છે.

અમારી ફેકટરી લાગોસથી ૩૮ કી.મી.ના અંતરે સાંગો ઓટામાં આવેલી હતી. અમારો ફલેટ ફેકટરીથી માત્ર એક કી.મી.ના અંતરે હતો. મી. પીલાઈ જે મને એરપોર્ટ પર લેવા આવ્યા હતા તેમણે થોડા સમય પહેલા જ અહીં નોકરી જોઈન્ટ કરેલ. અને હવે બે અઠવાડીયામાં પાછા ભારત જવાના હતા. તેમણે નોકરીમાંથી રાજીનામું આપી દીધેલ નાઈજીરીયાની રાજકીય અને આર્થિક હાલત છેલ્લા એક વરસમાં એકદમ બદલાઈ ગયેલ નાઈજીરીયાની આવક ક્રુડ ઓઈલ પર નિર્ભર હતી. પરંતુ મિલીટરી રોજે વિદેશી હુંડિયામણ વેડફી નાખ્યું હતું. પહેલા ફોરેન એક્ષચેન્જ છુટથી મળતું હતું. હવે ઈમ્પોર્ટ લાયસન્સની પ્રથા આવી ગઈ હતી. જે ઘણી જટિલ અને બહુ મોંઘી હતી. અમારી કંપનીનો પ્રોજેકટ ફોરેન એક્ષચેન્જ પર નિર્ભર હતો. હું જાપાન થયો તે પહેલા જ અમારી કંપનીએ એડવાન્સ પાર્ટ પેમેન્ટથી જાપાનની કંપની સાથે મશીનરી બુક કરી લીધેલ. ત્યારબાદ ઈમ્પોર્ટ લાયસન્સની પ્રથા આવતાં અમારો પ્રોજેકટ ઢીલમાં પડયો હતો. એજ કારણથી મને નૈરોબીમાં રોકાવું પડેલ. અહીં આવ્યા પછી પણ હજુ પ્રોજેકટનું કાંઈ ઠેકાણું ન હોતું. હજુ તો ફેકટરી નું બિલ્ડીંગ પણ બન્યુ ન હતું. મી. પીલાઈ એટલેજ છોડીને ભારત પાછા ગયા.

અમારી ફેકટરીનો પ્રોજેકટ બે વિભાગમાં વહેંચાયેલો હતો. એક વિભાગમાં ક્રુડ

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

આઈટમો જેવી કે ટોમેટો સોસ, ફ્રુટ જયુસ, જામ વિ. આઈટમો બનાવવાનો હતો. બીજા વિભાગમાં ફૂડ આઈટમો પેક કરવા માટે પેકેજીંગ આઈટમો જેવી કે પ્લાસ્ટીક પેઈન્ટ બોટલ, પ્લાસ્ટીક જાર, કેપ વિગેરે બનાવવાનો હતો પ્લાસ્ટીક આઈટમ બનાવવા માટેના મશીનો સ્ટ્રેચ બ્લો મોલ્ડીંગ મશીન, ઈંજેકશન બ્લો મોલ્ડીંગ મશીન, ઈંજેકશન મોલ્ડીંગ મશીન, બોટલ અને કેપ બનાવવા માટેના મોલ્ડ્સ પ્લાન્ટ એસેસરીઝ જેવા કે ચીલીંગ પ્લાન્ટ્સ, ડીહ્યુમીડીફાયર્સ, એર કમ્પ્રેસર્સ વિ. પાર્ટ પેમેન્ટથી જાપાનીઝ અને યુરોપીયન કંપની સાથે ઓર્ડર થઈ ગયેલ. સ્ટ્રેચ બ્લો મોલ્ડીંગ મશીનો તે વખતની નવી ટેકનોલોજી હતી. ભારતમાં પણ તે વખતે બહુ ઓવી કંપનીઓ પાસે આ મશીનો હતા. જાપાનની નીસી એએસબી કંપની ખાસ કરીને પેટ બોટલ બનાવવા માટેના સ્ટ્રેચ બ્લો મોલ્ડીંગ મશીન અને તેની સીસ્ટર કંપની નીસી પ્લાસ્ટીક ઈંજેકશન બ્લો મોલ્ડીંગ મશીન પ્રીઝીશન નેક ડાયમેન્સના જાર બનાવવા ખૂબ જ પ્રખ્યાત હતી.

ફૂડ વિભાગના મશીનો ઓર્ડર કરવાના બાકી હતા. તે દરમ્યાન ઈમ્પોર્ટ લાયસન્સની પ્રથા આવતા આ મશીનોનો ઓર્ડર અટકી પડયો હતો. મી. પીલાઈ ફૂડ ટેકનોલોજીસ્ટ તરીકે કંપનીમાં જોડાયા હતા. પરંતુ અહીંની પરિસ્થિતિ જોતાં રાજીનામું આપી જતા રહ્યા હતા. હું પ્લાસ્ટીક વિભાગના પ્લાન્ટ એન્જીનીયર તરીકે જોડાયેલ. પ્લાસ્ટીક વિભાગ જલ્દી ચાલુ થાય એવી આશા હતી.

મારી પાસે કોઈ વિકલ્પ પણ ન હતો. મુંબઈમાં કંપનીનો ફલેટ, નોકરી છોડી ફેમેલીને સાસરે મુકી હું અહીં આવ્યો હતો. કોઈ પણ હિસાબે અહીં ટકી રહ્યું પડે એમ હતું બીજા કેટલાય દાખલા સામે આવ્યા જેમાં અહીં આવ્યા પછી માત્ર બે ત્રણ મહીનામાં જ કેટલાક ભારતીયો નોકરી છોડી પાછા ભારત ભેગા થઈ ગયેલ. એક ભારતીય ના કિસ્સામાં તો સિંધી શેઠ જવા દેતા ન હતા. છેવટે એણે પત્નીએ ડાયવોર્સ ની ધમકી આપી છે એમ કહી છુટા પડયા. હવે ચાર ફલેટના બિલ્ડીંગ મારે એકલા એ એકદમ નવી જગ્યાએ, નવા વાતાવરણમાં દિવસો પસાર કરવાના હતા. બાકીના ત્રણે ફલેટ ખાલી હતા. આજુબાજુના આફ્રિકનોની વસ્તી વચ્ચે રહેવાનું હતું.

સવારે તૈયાર થઈ ડ્રાઈવર સાથે કારમાં સાંગો ઓટા થી ૩૦ કી.મી. દુર ઈકેજા અમારી ઓફીસે જવાનું અમારી કંપનીના એક ડાયરેકટરના ઘરમાં જ ઓફીસ બનાવી હતી. મશીનરી ઈમ્પોર્ટ લાયસન્સ માટે સરકારી ઓફીસમાં ધક્કા ખાવાના રહેતા. તે સિવાય ફેકટરીમાં બિલ્ડીંગ બનાવવાના કામમાં પણ ધ્યાન આપવું પડતું.

હવે પછીના અનુભવો આગળના અંકમાં (ક્રમશ:)

– અમૃતલાલ વાયડા

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## શીખવું



શીખવું / learning અને શીખવાડવું એ teaching એ જાતે જ એક અદ્‌ભુત કળા છે...

આ કળાની દર ક્ષણે દરેકને જરૂર છે. શીખવું શીખવાડવાની કળામાં દરેકને ફાવટ નથી. શું શીખવું એ જેટલું અગત્યનું છે એટલું જ અગત્યનું છે કોની પાસે શીખવું, ક્યારે શીખવું, શું શીખવું, કેટલું શીખવું. એકલવ્યને ગુરૂ દ્રોણ પાસેથી જ ધનુષ્યવિદ્યા શીખવી હતી, શીખ્યા !

અર્થકારણની આગેવાની હેઠળ ચાલતું શિક્ષણ માહિતીનું આદાન–પ્રદાન ગણી શકાય. જ્ઞાનનું નહીં, વિવેકનું નહિ, જીવન જીવવાની કળાનું નહિ, જીવન સંવર્ધનનું નહિ... ! શીખવાડનારની, teacherની, અને એ હેતુસર ગુરુની અધિકારીક્તા authenticity વિષય પર કેટલી એવી ઝંઝટમાં પડ્યા વગર પ્રચલિત પસંદગી પર આપણે બધા ન્યોછાવર થઈ જઈએ છીએ.

Learning, સતત શીખતા રહેવું એ જીવનની જરૂરિયાત છે, પણ હું, તમને અને આપણે સૌ અજાણતા પણ બીજાને કંઈક કે કંઈક, ક્યારેક શીખવાડતા પણ રહીએ છીએ એની આપણને માહિતી પણ નથી હોતી કારણકે આપણામાંથી ઘણાં ને એમ લાગતું હોય છે કે આપણું કામ નહીં, આવડત નહિ, કેમ કે teachingની આપણી pattern lecture બાજીની છે, ભાષણનો પ્રકાર છે, સંવાદનો નહીં, સ્વીકાર્ય બનવી જોઈએ parley પદ્ધતિ પણ Stage પરથી વક્તા બોલે સભા સાંભળે એ વ્યવહારૂ સ્વીકારેયલ પધ્ધતિ છે. યોગ્ય વાણી, વ્યવહાર, હાવભાવ પ્રસંગોચિત વર્તન ઠરેલતા, maturity....વ મારફત જ્ઞાન–પ્રદાન નથી.

આપણાં હૃદય મન બુદ્ધિ નિખાલસ હોય, દરેક અને બધા જ સ્વીકાર્ય હોય તો કોઈપણ ઘડીએ કોઈપણ જગ્યાએ કોઈની પણ પાસેથી સતત શીખી શકાય એવી મનુષ્ય અને મનુષ્યેતર દુનિયાની માનસિકતા છે. પ્રકૃતિ છે. આ પ્રવૃત્તિ પ્રતિદિન અઘરી એટલે થતી જાય છે કે શું શીખવું એ વ્યક્તિને પોતાને સમજ નથી. ખબર નથી અને શીખવાડનાર ને એ કેવી રીતે શીખવાડવું એની આવડત નથી. સૂઝ નથી અને સાથે સમજ નથી, અને કારણ છે રૂપિયા. એક પધ્ધતિસરની ઘેટાંશાહીને અનુસરણ કરીએ છીએ આપણે બધા.

સ્વ. કિરીટકુમાર કનૈયાલાલ પરીખ પરિવાર (પાટણ–મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

હરીશ રામજી વીરચંદ અને પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

વિવિધ exam અને interview દ્વારા સર્જાતા શિક્ષક માહિતી આપનાર વ્યક્તિવિશેષ બની જાય તો એ આપણા સમાજની કરૂણતા કહેવાય અને ભવિષ્ય પ્રશ્નાર્થ રહે. ફક્ત અર્થ હેતુ શીખવું અને શીખવાડવું એ કામચલાઉ ઠીક છે. એ દ્વારા ઉંદર-ભરણ હેતુ સિદ્ધ થઈ શકે છે પણ જીવન-લક્ષી વિવેકયુક્ત જ્ઞાન ઉપાર્જનની ઈચ્છા જ સાચું learning છે અને 'આ' જ્ઞાન રસાળ પ્રવાહિત શૈલીથી અધિકારીક સ્તરે શીખવાડનાર સાચો original teacher છે, પ્રશિક્ષક છે જે અંગુલીનિર્દેશ દ્વારા માર્ગ ચીંધે તે સાચું શિક્ષણ, રસ્તો તો મારે તમારે અને આપણે જાતે જ પસાર કરવાનો હોય !

અર્જુન ગીતાજી પામવા અધિકારી છે કે નહીં એમાં સમય ન બગાડતા સમયની જરૂરિયાત જાણી શ્રીકૃષ્ણ એ અર્જુનને 'ગીતા-પાઠ' કરાવ્યા. ઋષિ વિશ્વામિત્ર ને યજ્ઞ પ્રવૃત્તિમાં વિક્ષેપ કરતા રાક્ષસો ને હટાવવા શ્રીરામ યોગ્ય લાગ્યા અને એમણે શસ્ત્ર વિદ્યામાં પારંગત કર્યા. કેમકે ઋષિ માટે એ યોગ્ય વિદ્યાર્થી હતાં, યુદ્ધમાં રાવણના હાર્યા પછી શ્રીરામ વિભિષણની સલાહ પ્રમાણે લક્ષ્મણ ને રાવણ પાસેથી રાજ્ય-શાસન શીખવા મોકલે છે. (યોગ્ય સ્થાન, યોગ્ય સમય, યોગ્ય શિક્ષક, યોગ્ય વિદ્યાર્થી).... ! એકલવ્ય જેને ગુરુ માને છે એ દ્રોણ (ગુરૂ) એ શિષ્યને બાણવિદ્યા-યોગ્ય નથી માનતા, પણ શિષ્ય પોતાને વિદ્યા યોગ્ય માને છે તો ગુરૂ-પ્રતિમા પાસેથી પ્રેરણા મેળવી બાણ-વિદ્યામાં પારંગત બને છે. મન હોય તો માળવે જવાય (કહેવત છે) !

જૂની ગુરૂકુલ પધ્ધતિ શિક્ષણ હેતુ હજુ એટલે જ સમકાલીન સમયે પણ યોગ્ય છે. શીખતો માણસ જેટલું બીજાને સહજ રીતે શીખવાડી શકે એટલું પોતાને શિક્ષક, ગુરૂ.... માની બેઠેલો ન શીખવાડી શકે, ન સમજાવી શકે. ક્યારેક ઋષિકુળ એ આપણા જનજીવનની ઉચ્ચ સંસ્થા રહી જે જીવન, જીવનલક્ષીતા, જીવન-સિદ્ધાંત, જીવન-મૂલ્યો ના સીધા માર્ગદર્શન પર આધારિત હતી.

ઋષિ પોતે certified સંસ્થાના degree ધારક ન હતા પણ જીવન સમજેલ ઠરેલ original વ્યક્તિત્વ હતા અને શિષ્યો શીખવા સમર્થ એવા વિદ્યાર્થીઓ હતા. ઉંદર-ભરણ હેતુ આ શિક્ષણ ન હતું પણ જીવન-આનંદ જીવન-માંગલ્ય હેતુ આ ભણતર થયું અને એટલે સમાજનું ઘડતર થતું. શીખવાડનાર યોગ્ય હોવો જરૂરી છે કારણ કે જાણે-અજાણે દરેક જણ, દરેક વ્યવહાર, દરેક ક્ષણે કોઈને અને કોઈને કશુંક શીખવાડી જાય છે. શું ગ્રહણ કરવું એ વ્યક્તિ પર આધાર રાખે છે (બરોડા લાયન્સ ક્લબ ખાતે લેખક પરેશ શાહ દ્વારા અપાયેલ સેમિનારનાં પ્રવચનનાં મહત્વના અંશો પ્રસ્તુત છે.)

**– પરેશ શાહ, વડોદરા**

સ્વ. હરીદાસ ચત્રભૂજ શાહ (ભૂજ) ના જય શ્રી કૃષ્ણ.

## ગુજરાતનું ગૌરવ – સ્વ. શ્રી અનિલભાઈ



સ્વ. શ્રી અનિલભાઈ છોટુભાઈ દેસાઈ એટલે દર્દીઓના હૃદયમાં બિરાજમાન શ્રી નારાયણ ભગવાન. દર્દીઓની સેવામાં જીવન ગુજારનાર અનિલભાઈને મળવું એ એક લ્હાવો જ કહેવાય. ભગવાન શ્રીકૃષ્ણમાં જે શ્રધ્ધા અને ભક્તિભાવથી મીરાંએ ઝેરનો પ્યાલો ગટગટાવ્યો હતો કે જે શ્રધ્ધાથી નરસિંહ મહેતાએ શેઠ શામળશાને હૂંડી લખી હતી. કંઈક એવી જ શ્રધ્ધાથી – એ જ વિશ્વાસથી દર્દીઓની વણઝાર ડૉ. અનિલભાઈ પાસે આવતી અને ત્યારે તેમના દુ:ખો – દર્દો કે યાતના ભૂલાઈ જતા કે વિસરાય જતાં વાર લાગતી નહીં. આ એક હકીકતને આપણે સ્વીકારવી જ પડે.

સ્વ. શ્રી અનિલભાઈ છોટુભાઈ દેસાઈનો જન્મ ૨૦ નવેમ્બર, ૧૯૪૧ ના રોજ મેમિયો, બર્મામાં થયો હતો. તેમની માતા ઝીણીબેન. બર્મામાં પિતા છોટુભાઈનો વેપાર ધીકતો હતો. ચાર બાળકો સાથે આનંદથી જીવતા હતા પણ બીજુ વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને ધીકતો ધંધો છોડી પરિવારે પહેરેલ કપડે બર્મા છોડવું પડયું. બર્માથી આવતા છેલ્લા વહાણમાં છોટુભાઈને પરિવારને મોકલી દેવો પડયો અને તેઓને બર્મામાં રોકાઈ જવું પડયું. માતા ઝીણીબહેન ચાર નાના બાળકો સાથે વલસાડ આવી પહોંચ્યા. મુશ્કેલીઓના પાર ન હતો. પાંચ જણાને સાથે રહેવું મુશ્કેલ લાગ્યું. આ વિસમ પરિસ્થિતિ માતા ઝીણીબહેન સહી ન શક્યા. મગજની અસ્થિરતાને કારણે ચારે બાળકોને (ચાર પરિવારે) એક એક જણાને સ્વીકારી – અપનાવીને પોતાના ઘરમાં આશરો આપ્યો.

ગોપાલભાઈ અને ગજરાબહેનના પુત્રનું અવસાન થયું હતું. સૌથી નાના અનિલભાઈને તેઓ પોતાની સાથે લઈ ગયા અને પોતાનો પુત્ર માની તેમનો ઉછેર શરૂ કર્યો. પાછળથી તેમને ત્યાં પણ બે પુત્રો અને એક પુત્રીનો જન્મ થયો પણ તેમણે અનિલભાઈને ખૂબ સ્નેહથી સાચવ્યા – ઉછેર્યા અને આગળ વધાર્યા.

શાળા જીવનમાં તેઓ એક સામાન્ય વિદ્યાર્થી હતાં. રમત–ગમત તેમને ખૂબ પ્રિય પણ એસ.એસ.સી. પાસ કરી તેઓએ સાયન્સ કોલેજમાં અભ્યાસ શરૂ કર્યા. ભાગ્ય પલટાયું. અભ્યાસમાં ખૂબ ધ્યાન કેન્દ્રીત કર્યું અને ઈન્ટર સાયન્સમાં

ખૂબ સારા માર્ક્સ મેળવી અમદાવાદ બી. જે. મેડીકલ કોલેજમાં દાખલ થઈ ગયા.

બાવળામાં ઈન્ટરશીપ શરૂ કરી. અહીં તેઓને ડો. લતાબહેન સાથે પરિચય થયો – પરિણય થયો. લગ્ન કરવાનું નક્કી કર્યું.

એક દિવસ બધા મિત્રો સૌરાષ્ટ્ર જતી ટ્રેનમાં મુસાફરી કરી રહ્યાં હતાં. રાત્રીનો સમય હતો અને અચાનક ટ્રેનની બધી લાઈટો બંધ થઈ ગયી. આગળના સ્ટેશને જાણવા મળ્યું કે જામનગર પર પાકિસ્તાને બોમ્બમારો શરૂ કર્યો છે. તેઓ ખૂબ દુ:ખી થઈ ગયા. તે સમયે આર્મીમાં ડોક્ટરોની તાતી જરૂરિયાત ઉભી થઈ. ડો. અનિલભાઈ અને ડો. લતાબહેન સહીત સૌ મિત્રોએ આર્મીમાં જવા રજીસ્ટ્રેશન કરાવી દીધું અને તરત ભરતી થઈ ગયા. ડો. અનિલભાઈ અને ડો. લતાબહેન બંનેને જુદી જુદી હોસ્પીટલોમાં ડ્યુટી મળી પણ તેઓએ ખૂબ કાબેલિયતથી અને દેશભક્તિની ભાવનાથી નિભાવી.

આગળ ભણવાની ઈચ્છા હતી. એટલે થોડા વર્ષો પછી આર્મીમાંથી છૂટા થયા અને ડો. લતાબહેને એમ. ડી. પીડીયાટ્રીકમાં અભ્યાસ શરૂ કર્યો અને ડો. અનિલભાઈ સર્જન થયા. દેશસેવા અને સમાજ સેવાની ભાવનાને વરેલા અનિલભાઈ અને લતાબહેને નક્કી કર્યું હતું કે થોડા વર્ષો અમેરિકા જઈ – જરૂરિયાત પૂરતી કમાણી કરી ભારત પરત આવી જવું પણ આપણે ક્યાં નથી જાણતા કે સ્વર્ગસમાન અમેરિકાને છોડવો એટલે શું?

ગુજરાતના એ ફરિસ્તાની જ્યારે અમેરિકાની ધીકતી કમાણીને ઠોકર મારી ભારતના સાવ છેવાડાના ગામડામાં ગરીબોની સેવા કરવા આવવાની વાત જાણી ત્યારે એકવાર તો હૃદય ધબકારો ચૂકી જ ગયુ હતું. મારા પિતાશ્રી સ્વ. શ્રી પ્રિયવદન મગનલાલ શાહે જ્યારે આ વાત કરી. ત્યારે એમ જ માન્યું – "આ તો બધી વાતો એમ કંઈ લક્ષ્મી ચાંદલો કરતી હોય ત્યારે મોં ફેરવવું સહેલું થોડું જ છે ? અને તે પણ અમેરિકા જેવા દેશને છોડીને – ત્યાંની ડોલરની ચમકને છોડીને – ભારતમાં ગંદા ગોબરા ગરીબો વચ્ચે રહી – જૂજ સગવડતાઓ વચ્ચે રહી જીવવું એ કંઈ... અરે એ તો લોઢાના ચણા ચાવવાના છે અને મનમાં થતું – આ તો બધી વાતો હોય.

પણ, પછી તો સ્વ. શ્રી અનિલભાઈએ અમેરિકાને અલવિદા કરી ઝઘડિયા આવવાના નક્કર પગલાં ભરવા માંડયા અને એક દિવસ પત્ની ડો. લતાબહેને લઈ

તેઓ મારા પિતાશ્રીને મળવા આવ્યા.

ઘરમાં હું એકલી જ હતી. સાત દિવસની દીકરીનું ઘોડિયું હિંચકતી હતી. આ દિવસ જ્ઞાનના તેજથી શોભતા સ્વ. શ્રી અનિલભાઈને સેવા કરવાના મક્કમ નિર્ધારની મને પ્રતિતિ થઈ. આજ સુધીય જે વાત કોઈ માનતું ન હતું તે બનતી. મને પ્રત્યક્ષ દેખાવા લાગી. આ દિવસે મારી હાજરીમાં સ્વ. શ્રી અનિલભાઈ, ડો. લતાબહેન અને શ્રી દિલીપભાઈને ઘણી ઘણી વાતો મારા પિતાશ્રી સાથે થઈ. અને તેઓ ટૂંક સમયમાં ભારત આવી ઝઘડિયામાં સેવા સંસ્થાન શરૂ કરવાના કોલ આપી અમેરિકા પરત ફર્યા. આ તો થઈ સ્વ. શ્રી અનિલભાઈ દેસાઈ અને સેવા રૂરલ પરિવારના પ્રથમ પરિચયની વાતો.

પછી ૧૯૮૦ માં સેવારુરલની સ્થાપના થઈ. મને યાદ છે જ્યારે સ્વ. શ્રી અનિલભાઈ અને પરિવાર ઝઘડિયાની હોસ્પીટલમાં આવ્યા ન હતાં ત્યારે ત્યાંની શી પરિસ્થિતિ હતી ? ગામમાં કોઈ પણ માંદું પડે – દર્દીને લઈન ભરૂચ, સુરત કે વડોદરા દોડવાનો વારો આવે. લોકો પરેશાન, દર્દી પરેશાન. ઘણીવાર તો ગરીબ દર્દીના સગા વ્હાલા પાસે આ માટે પૈસા પણ ના હોય – આ બધું મે જોયું છે. સાથે સાથે શ્રી કસ્તુરબા મેડીકલ એઈડ સોસાયટીની પરેશાનીઓની વાત જ જુદી છે. કેટલીય મુશ્કેલીઓથી બંધાયેલી આ હોસ્પિટલ કેટલીય આશાઓ રાખી હતી – આ બાંધતાં પણ એને સારી રીતે ચલાવવા – વહીવટ કરવા માટે કોઈ એક સારો ડોક્ટર શોધવા માટે દોડતા કાર્યકર્તાઓને મેં જોયા છે. એક સારો ડો. મેળવવા તેઓ આકાશ – પાતાળ એક કરતા હતા અને એવાં કપરાં કાળે એક સેવાભાવી ડોક્ટરને બદલે આખોને આખો સેવાભાવથી રંગાએલા ડોક્ટરોનો પરિવાર મળે તો ? અને તે પણ અમેરિકાની ચમક–દમકને છોડી સેવામાં લાગી જાય ત્યારે ? આવા સેવાને વરેલા સ્વ. શ્રી અનિલભાઈના ચારિત્ર્યને મૂલવવા માટે મારી ડીક્શનરી ખરેખર વામણી જ છે.

સેવરુરલે ખરા અર્થમાં સેવાની કમાન સંભાળી. મારા પિતાશ્રીની ખુશીનો કોઈ પાર નહતો. કારણ આ માટે તેઓ છેલ્લા ૨૫ વર્ષથી ઝૂઝતા હતાં. ખરેખર તો તેઓ સેવારૂરલની વાતો (અને વિચારો) કરતા થાકતા નહીં.

ગામની જ નહીં આખા વિસ્તારની કાયા પલટ થવા માંડી. આખા વિસ્તારની માત્ર શારિરીક જ નહીં જુદા જુદા ક્ષેત્રે પણ તેમની પરિસ્થિતિ સુધરવા માંડી. ઝઘડિયાનું નામ વિશ્વ ફલક પર જાણીતું થઈ ગયું. વિશ્વકક્ષાના એવોર્ડઝથી

સંસ્થા તથા ડો. અનિલભાઈ સન્માનિત થવા લાગ્યા. ગામમાં જ્ઞાનની ગંગા વહેવા માંડી. નિરક્ષરતા ભૂલાવા માંડી. રસ્તે રઝડતા બાળકો શાળાઓમાં જવા માંડયા. ખોટે રસ્તે ચઢી ગયેલા યુવાનો મહેનત કરતા થતા – નવા નવા ઉદ્યોગો શીખી પગભગ થવા માંડયા. શ્રમનું મહત્વ સમજાવા માંડયું. અભડા લોકો પણ હોસ્પિટલમાં કાર્યરત થતાં જોવા મળ્યા. કળાના કસબીઓની કિંમત અંકાવા માંડી. બહેનોએ સ્વાસ્થ્ય સાથે સ્વાશ્રયી બનાવી. તેમના દ્વારા નાસ્તા અને પાપડ બનાવડાવી એની વ્યવસ્થિત વિતરણ વ્યવસ્થા ઉભી કરી. ગામ–ગપાટા કરતી બહેનો પગભર થઈ. તેમની આર્થિક સધ્ધરતાની સાથે તેમની આંખોમાં આત્મવિશ્વાસ દેખાવા માંડયો. હવે તે કોઈપણ મુશ્કેલીમાં અડીખમ ઊભી રહેવા સક્ષમ થઈ ગઈ છે.

આ બધાનું શ્રેય સ્વ. શ્રી અનિલભાઈ અને ડો. લતાબહેન દ્વારા ઊભી થયેલી સેવારુરલ સંસ્થાને છે.

આવા ફરિસ્તા શ્રી અનિલભાઈ દેસાઈને શત્ શત્ પ્રણામ – અને ઈશ્વરને પ્રાર્થના કરીએ કે ડો. લત્તાબેનની સ્વાસ્થ્ય સાથે લાંબુ આયુષ્ય આપે. વંદન

**– ગીતા રમેન્દ્રભાઈ પરીખ.**

## અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ

## સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ ...

સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો માટે પાટોત્સવ પ્રસંગે હવન તથા ધજાજીની ઉછામણી તા. ૨–૨–૨૦૨૦ ને રવિવારે સવારના ૧૧–૦૦ કલાકે શ્રી વાયુદેવતાજીનું મંદિર, અમદાવાદ ખાતે રાખવામાં આવી છે. હવનની ઉછામણીની શરૂઆત રૂ. ૧૦૦૦/– થી થશે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને દર્શનાર્થે પધારવા હાર્દિક નિમંત્રણ છે.

| | | |
|---|---|---|
| રમેન્દ્ર જે. પરીખ | સ્મિત કે. શાહ | રૂપેશ એચ. શાહ |
| પ્રમુખ | મંત્રી | સહમંત્રી |

આર.વી જ્વેલર્સ (ભરુચ) ના સૌજન્યથી

**શ્રી વાયડા વણિક વાયડ સંસ્થા – પ્રતિષ્ઠા મહોત્સવ – ૨૦૧૯ વિશેષાંક**

સર્વે જ્ઞાતિજનોને જણાવતા આનંદ થાય છે કે પાંચમી પ્રતિષ્ઠાનો વિશેષાંક પ્રસિદ્ધ થઈ ગયો છે તેના વિતરણની વ્યવસ્થા નીચે મુજબ રાખવામાં આવેલ છે. જ્ઞાતિજનો **એક કોપી** તેમના નજીકના પ્રતિનીધી પાસેથી પ્રાપ્ત કરી શકે છે.

**અમદાવાદ** : ૧. શ્રી નાનુભાઈ શાહ, શ્રી વાયુદેવતાજી મંદિર, ભાવના ફ્લેટ્સ પાછળ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ. ફોન : ૦૭૯–૨૬૬૩૦૫૭૧

૨. શ્રી ઉમાકાંતભાઈ પરીખ, શ્રી જે.જે. પરીખ એન્ડ બ્રધર્સ, ૧૯, મહાકાંત, આશ્રમ રોડ, અમદાવાદ. મો. ૯૯૦૯૨ ૬૫૨૭૦

**પાટણ** : શ્રી અજયભાઈ પરીખ, શ્રી ગિરીરાજ શુટિંગ શર્ટિંગ, ૩/૪, અવીપ કોમ્પ્લએસ્ક, સ્ટેટ બેંક રોડ, વેરાઈ ચકલા, પાટણ. મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩.

**વડોદરા** : શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ, મો. ૯૮૨૪૦ ૩૧૭૪૭
– ગૌરી સાડી, એમ.જી. રોડ, – ગૌરી હાઉસ, ઓ.પી.રોડ, મનિષા ચોકડી પાસે

**ભરુચ** : શ્રી મહેન્દ્રભાઈ ચોક્સી, આર.વી. જ્વેલર્સ, ૨૭, પનામા પ્લાઝા, પાંચ બત્તી, રીલીફ સિનેમા સામે, ભરુચ. મો.: ૯૮૨૫૦ ૨૩૮૬૦

**સુરત** : શ્રી નરેશભાઈ ડી. શાહ, ૩૦૬, શાલીભદ્ર કોમ્પલેક્સ, નાનપુરા, તીમલીવાડ, એલ.આઈ.સી સ્ટાફ્ફ કવાર્ટર પાસે, સુરત – ૩૯૫ ૦૦૧. મો.: ૯૪૨૬૭ ૪૬૩૦૦

**મુંબઈ** : ૧. શ્રી પી.કે. શાહ, એ–૬૦૩, સાંઈ આશાદીપ, સેવારામ લાલવાણી રોડ, વિઠઠલનગર, મુલુંડ (પ), મુંબઈ.

૨. જગતભાઈ દલાલ, બી–૯૦૧, એવરેસ્ટ ગાર્ડન્સ, લીન્ક રોડ, લક્ષ્મીનગર પાસે, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ–૪૦૦ ૦૭૫, મો.: ૯૮૬૭૨ ૦૯૯૮૯

૩. દીપકભાઈ દલાલ, કમલા ભુવન, ગાર્ડન સામે, ૪૨, મહાત્મા ગાંધી રોડ, વીલે પાર્લે (પૂ), મુંબઈ. મો.: ૭૦૨૧૭ ૧૯૯૫૭

**ભૂજ–કચ્છ** : વી.કે. મશીનરી એન્ડ ટુલ્સ કો, સ્ટેશન રોડ, ભૂજ–કચ્છ.

કડી : શ્રી બકુલભાઈ રામલાલ પરીખ. મો.: ૯૮૨૫૩ ૩૪૯૧૩

**પૂના** : વિધુત નલીનકાંત ચોક્સી, સી–૨૦૨, લીઓન ઓરબીટ, આકાશગંગાની સામે, પાર્ક રોયલની બાજુમાં, રાહતાની, પૂના–૪૧૧ ૦૧૭. મો. ૯૬૮૯૯ ૪૩૧૧૨

**મહેસાણા** : સુનિલભાઈ પુરુશોત્તમભાઈ શાહ, મુકામ, ૭–૮, અનમોલ વીલા–૨, ચર્ચની સામે, રમોસાણા રોડ, મહેસાણા – ૩૮૪ ૦૦૨, મો. ૯૯૭૯૯ ૨૮૮૯૯.

નોંધ : પ્રતિષ્ઠા અંકની સોફ્ટ કોપી વેબસાઈટ પર પણ અપલોડ કરેલ છે.

**– રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ, વાયડા વણિક વાયડ સંસ્થા**

મે. ભરૂચ સ્ટીલ ટ્રેડર્સ – મે. શ્રીજી ટ્રેડર્સ (ભરૂચ)ના સૌજન્યથી.

## પ્રતિષ્ઠા મહોત્સવ વિશેષાંક - ૨૦૧૯ પ્રાપ્ત કરવા માટેનું ફોર્મ

તારીખઃ....................

નામઃ...............................................................................................

વાયડામિત્ર ગ્રાહક નંબરઃ

...............................................................................................

સરનામુ :

...............................................................................................

...............................................................................................

...............................................................................................

વિતરણ કેન્દ્રની વિગતઃ

...............................................................................................

લેનારની સહીઃ

...............................................................................................

આપનારની સહીઃ

...............................................................................................

સ્વ. કુસુમબહેન મનમોહનદાસ પરીખ (પાટણ) પરિવારના સર્વેને જય શ્રી કૃષ્ણ.

# શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ

## ભાદરવા સુદ-૬ ને મહા વદ-૫ ચેરીટેબલ ટ્રસ્ટ

## સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનો જોગ

ઉપર્યુક્ત ટ્રસ્ટ તથા સ્વ. શ્રી ઈન્દુમતીબહેન રમણલાલ શાહ અને સ્વ. શ્રી ચીનુભાઈ આર. શાહ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. શ્રી જેઠાલાલ અચરતલાલ પરીખ તથા સ્વ. શ્રી વિદ્યાગૌરી જેઠાલાલ પરીખના સ્મરણાર્થે હસ્તે શ્રી રમેન્દ્રભાઈ જે. પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા શ્રી વિનુભાઈ બાલુભાઈ પરીખ અને જયદેવીબહેન વિનુભાઈ પરીખ તરફથી મળેલ કાયમી ફંડમાંથી તથા સ્વ. જયંતીભાઈ બાલુભાઈ પરીખ અને સ્વ. મેનાબહેન જયંતીભાઈ પરીખના સ્મરણાર્થે તેમના પુત્ર શ્રી વિપુલભાઈ તરફથી મળેલ કાયમી ફંડમાંથી...

**મહાપ્રસાદ (અમદાવાદ)**

સંવત ૨૦૭૬ના મહા વદ ૫ ને ગુરુવાર, તા. ૧૩-૨-૨૦૨૦

શ્રીફળ હોમવાનો સમય : સાંજના ૬-૦૦ કલાકે

મહાપ્રસાદનો સમય : સાંજના ૭-૦૦ કલાકે

સ્થળ : શ્રી વાયુદેવતાજીનું મંદિર,

અમદાવાદ-૩૮૦૦૦૭, ટે. નં. ૨૬૬૩૦૫૭૧

હવનની પૂર્ણાહુતિ બાદ ઉપસ્થિત સૌ જ્ઞાતિજનો માટે મહાપ્રસાદ (ભોજન-સમારંભ)ની વ્યવસ્થા શ્રી અમદાવાદ સમસ્ત વાયડા વણિક જ્ઞાતિ ભાદરવા સુદ-૬ ને મહા વદ-૫ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી કરવામાં આવી છે. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને મહાપ્રસાદ લેવા પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**રમેન્દ્રભાઈ જે. પરીખ, પ્રમુખ**

ખાસ નોંધ : પરજ્ઞાતિમાં પરણેલી જ્ઞાતિની બહેનો/દીકરીઓ પોતાના કુટુંબ સાથે આવી શકશે.

વ્યક્તિવિશેષ

## સમાજની સુગંધ



**હિમાંશુ શાહ**

**(૧)** માતૃભાષા અભિયાન સંચાલિત પુસ્તક પરબમાં ૨૦૧૩થી કાર્યરત – વાસણા પ્રજાપતિ ગાર્ડન, અમદાવાદ ખાતે સિત્તેર જેટલી પુસ્તક પરબોનું સંચાલન–માતૃભાષાના જતન અને સંવર્ધન માટેનો, પ્રજામાં વાંચન વધે, તેનાથી સંસ્કારો ખીલે તેમજ ટેલિવીઝન અને સોશ્યલ મીડીયાના વળગણમાંથી મુક્ત થઈ શકાય તેવો આ અભિગમ છે.

**(૨)** ૨૦૧૭માં વાસણા ગ્રંથમંદીરની સ્થાપનામાં પાયાની ભૂમિકા ભજવી છે ગ્રંથમંદીર એટલે પુસ્તકાલય ગ્રંથમંદીર સાથે વાંચનાલય જોડાયેલું છે. વાચનાલયમાં પચાસ જેટલા વિદ્યાર્થીઓ નિયમિત વાંચે છે. ગ્રંથમંદીરમાં ૨૫૦૦ પુસ્તકો છે અને તેના ૧૫૦ સભ્યો છે. દરેક સભ્યને વાંચવા માટે નિ:શુલ્ક બે પુસ્તકો આપવામાં આવે છે. તેઓ ગોઠડી કાર્યક્રમનું સંચાલન કરે છે.

**(૩)** ઈન્ડીયા હેલ્થ લાઈન ફાઉન્ડેશનમાં હેલ્થ એમ્બેસડર તરીકે ૨૦૧૫થી માનદ્સેવાઓ આપે છે આ અભિયાન અંતર્ગત અત્યાર સુધી ૩૬ હેલ્થ કેમ્પમાં ૬૦૦૦ વ્યક્તિઓને લાભ મળ્યો છે. જેમાં નિશુલ્ક ડાયાબિટીસ, બ્લડપ્રેશર, હિમોગ્લોબીન, ઓબેસીટી ઉપરાંત હેલ્થ અંગે સલાહ આપવામાં આવે છે. હેલ્થ વિષય પર તેઓ વક્તવ્ય પણ આપે છે. ઉપરાંત બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન પણ અવારનવાર કરે છે. ખાસ કરીને સીંગલ પેશન્ટ (એકલ દર્દી)માં ડોકટર્સ સાથે ચર્ચા કરી તેને યોગ્ય સારવાર મળે તે માટે પ્રયત્નો કરવામાં આવે છે.

**(૪)** હિમાંશુ શાહ લિખિત પુસ્તક 'નાથદ્વારાના શ્રીનાથજી'ની ૧૪ આવૃત્તિ સાથે ૨૧,૦૦૦ નકલો વેચાઈ છે. ક્રોસવર્ડના બેસ્ટસેલર પુસ્તકોની સૂચિમાં ગુજરાતી પુસ્તકોના વિભાગમાં સતત છ માસ સુધી ટોપ ૧૦માં સ્થાન પામેલ છે. વિવિધ સમાચારપત્રોમાં કોલમ લખી તેમજ સામયિકોમાં અવારનવાર લેખો લખતા રહે છે.

**(૫)** જ્ઞાતિમાસિક વાયડામિત્રમાં ૧૯૭૭ થી લખે છે અત્યારસુધી વાયડામિત્રમાં ૨૫૦ જેટલા લેખો લખ્યા છે. ૨૦૧૫માં વાયડ ખાતે પુ.ભી. શાહ વિશિષ્ટ સેવા એવોર્ડ મળ્યો છે. વાયડામિત્રના તંત્રી અને પ્રકાશક તરીકે કુલ ૧૩ વર્ષ સુધી સેવાઓ આપેલ છે.

**(૬)** અંધ વિદ્યાર્થીઓને મદદ કરવા માટે યુનિ. પરીક્ષાઓમાં WRITER તરીકે સેવાઓ આપે છે.

**(૭)** વૃદ્ધાશ્રમ તેમજ હોસ્પિટલની મુલાકાત લઈને તેઓને સાંત્વન તેમજ મદદ પૂરી પાડે છે. વિદ્યાર્થીઓને અભ્યાસમાં અને કૌટુંબિક પ્રશ્નોમાં કાઉન્સેલીંગ દ્વારા ઉકેલ લાવે છે. **– તંત્રી**

શેઠશ્રી જમનાદાસ ભીમજી પરિવાર (ભુજ)ના જય શ્રી કૃષ્ણ.

અ.સૌ. સ્વ. સ્મિતા બંકિમ શાહ (અમદાવાદ) ના જય શ્રી કૃષ્ણ.

## ઈ.સ. ૨૦૨૦નું કેલેન્ડર

| ૨૦૨૦ | | | | | નવેમ્બર માર્ચ | જુન | ડિસેમ્બર સપ્ટેમ્બર | જુલાઈ એપ્રિલ જાન્યુઆરી | ઓક્ટોબર | મે | ઓગસ્ટ ફેબ્રુઆરી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૮ | ૧૫ | ૨૨ | ૨૯ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ |
| ૨ | ૯ | ૧૬ | ૨૩ | ૩૦ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ |
| ૩ | ૧૦ | ૧૭ | ૨૪ | ૩૧ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ |
| ૪ | ૧૧ | ૧૮ | ૨૫ | | બુધ | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ |
| ૫ | ૧૨ | ૧૯ | ૨૬ | | ગુરુ | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ |
| ૬ | ૧૩ | ૨૦ | ૨૭ | | શુક્ર | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ |
| ૭ | ૧૪ | ૨૧ | ૨૮ | | શનિ | રવિ | સોમ | મંગળ | બુધ | ગુરુ | શુક્ર |

આ કેલેન્ડરમાં કયા મહિનાની કઈ તારીખે કયો વાર આવશે તે સહેલાઈથી જાણી શકાય છે.

દા.ત. ૨૫-૧૨-૨૦૨૦ના કયો વાર આવશે તે જોઈએ. તારીખમાં આડું જોવાનું મહિનામાં ઉભું જોવાનું છે. જ્યાં ભેગા થાય તે વાર જાણવો.

અહિં શુક્રવાર આવશે.

મોકલનાર : પ્રવિણ એચ. શાહ , ભુજ

ગં. સ્વ. જયાબહેન વિશનજી એડનવાળા (લંડન)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પ્રેમિલાબહેન કાંતિલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

## સમીરી વણિક સમાજ મહિલા મંડળ, અમદાવાદ
## ગરબાની રમઝટ

ગરબાના શબ્દો વાતાવરણમાં ગુંજતા હોય, ટ્રેડીશનલ ડ્રેસમાં સજ્જ ગુજરાતી નારીઓ હોય અને હૈયું તથા પગ ગરબા રમવા થનગનતા હોય એવો માહોલનું શું વર્ણન કરવું ? આવા માહોલને તો માણવો જ રહ્યો.

સાઉન્ડ સીસ્ટમના સથવારે નાના મોટા થઈને ૪૬ બહેનો આપણી ગુજરાતી સંસ્કૃતિના આ લોકપ્રિય ગરબાને તાલ અને રાગના સાનિધ્યમાં સમયનું ભાન ભુલીને ખૂબ જ આનંદ, ઉમંગ ને ઉલ્લાસથી ગરબે ઘૂમતા રહ્યા.

ત્યારબાદ કમિટિ બહેનોએ હાથમાં દિવડા લઈ ડાન્સના સ્ટેપ્સ દ્વારા શ્રી યમુનાજીની આરતી પ્રસ્તુત કરી હતી. આરતીની પૂર્ણાહુતિ પહેલાં સૌ બહેનોએ હાથમાં દીવડા લઈ ગરબે ઘુમી આરતી કરી હતી. આ નવતર પ્રયોગમાં સૌ બહેનોએ ભાગ લઈ આનંદિત થયા હતાં.

કાર્યક્રમમાં આરતી સજાવટની હરીફાઈ રાખવામાં આવી હતી. ફક્ત પૂજાની સામગ્રી જેવી કે અબીલ ગુલાલ, હળદર, કંકુ, ચોખા, નાગરવેલ તથા આસોપાલવના પાન, કમરકાકડી, સોપારી, કોડિયાં, નાડાછડી, ફૂલનો ઉપયોગ કરી ૧૦ બહેનોએ ખૂબ જ સુંદર ડિઝાઈનર આરતી સજાવટ કરી હતી. સંસ્થા તરફથી પ્રથમ ઈનામ શ્રી બિંદુબહેન વી. પરીખ, દ્વિતીય ઈનામ શ્રી મમતાબહેન એમ. પરીખ, ત્રીજું ઈનામ શ્રી સોનલબહેન જે. શાહને આપવામાં આવ્યા. આરતી સજાવટમાં ભાગ લેનાર દરેકને શ્રી જયશ્રીબહેન ડી. પરીખ તરફથી પ્રોત્સાહક ઈનામ આપવામાં આવ્યા.

શ્રી માયાબહેન એમ. પરીખ તરફથી એમના જન્મ દિવસ નિમિત્તે ૨૫૦૦/- તથા શ્રી શીલાબહેન કે. પરીખ તરફથી ૨૧૦૦/- સાઉન્ડ સીસ્ટમ પેટે સંસ્થાને ભેટ પ્રાપ્ત થઈ જેનો સંસ્થાએ સહર્ષ સ્વીકાર કરી આભાર માન્યો હતો.
સ્વાદિષ્ટ પાઉંભાજી, પુલાવ અને ગુલાબજાંબુને ન્યાય આપી, જયકૃષ્ણ કહી સૌ છુટા પડયા હતા.

કમિટિ બહેનોના સાથ સહકાર અને સૌના ઉમંગ ઉત્સાહના કારણે કાર્યક્રમ સફળ રીતે પરિપૂર્ણ થયો.

'દૃષ્ટિ આઈ ક્લિનિક' – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

ધનાબહેન ગોપાલજી શાહ (માંડવી, કચ્છ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

૨૯ સપ્ટેમ્બરના રોજ બાલાજી રેસ્ટોરન્ટ, જોધપુર ખાતે ગરબાની રમઝટના આ કાર્યક્રમમાં તાલ એ લય પર નાચતા, ગાતા, ઘુમતા ગરબાની આ ખુશીઓ અને એનું સ્મરણ સૌના શ્વાસ અને ધબકારમાં રહી આવતી નવરાત્રી સુધી જળનાઈ રહે તેવી શુભેચ્છા.

**– મીતા પરીખ, મંત્રી**

**ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**

**શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ અર્પણ સમારોહ**

શિક્ષણ, ઉદ્યોગ તથા વહીવટી ક્ષેત્રે તથા સમાજોપયોગી સંસ્થાઓમાં મહત્ત્વનું પ્રદાન કરનાર શ્રી ચીનુભાઈ આર. શાહની પુણ્યસ્મૃતિમાં 'શ્રી ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ' નો અર્પણ સમારોહ યોજવામાં આવ્યો છે. આ એવોર્ડ ગામડાં કે શહેરમાં રહીને કોઈ નવા વિચાર, નવા અભિગમ કે ટેક્નોલોજીના પ્રસાર દ્વારા લોકજીવનમાં વૃદ્ધિ કરી હોય કે પરિવર્તન આણ્યું હોય એવી વ્યક્તિને અર્પણ કરવામાં આવે છે.

આ વર્ષે આ એવોર્ડ સજીવ ખેતી ક્ષેત્રે ક્રાંતિ કરનાર **શ્રી કપિલભાઈ શાહ** અને તેમની સંસ્થા **જતન ટ્રસ્ટ** ને એનાયત કરવામાં આવશે.

એવોર્ડ અર્પણ : શ્રી પી. કે. લહેરી

અતિથિ વિશેષ : શ્રી રાજેન્દ્ર ખીમાણી (માનદ્ નિયામક : ગૂજરાત વિદ્યાપીઠ)

૨૧ ડિસેમ્બર ૨૦૧૯, શનિવાર, સાંજના ૫–૩૦

**વિનંતી**

શ્રી સમિરી વણિક સમાજ, અમદાવાદના સભ્યોનું whats app broadcast group બનાવેલ છે. જેથી ભવિષ્યમાં સમાજના કાર્યક્રમના સમાચાર આ રીતે બધાને મળી શકે. જેમણે મને whats app number ના મોકલાવેલ હોય તેમણે તાત્કાલિક મને ફોન નંબર મેસેજ કરવા વિનંતી. દરેક પાસે મોબાઈલ નંબર સ્ટોર કરવો જરૂરી છે તો જ આપને broadcast messages મળી શકશે. અત્યાર સુધી ૭૦ સભ્યના જ નંબર આવેલ છે. સહકાર બદલ આભઆર

**– ડૉ. રાકેશ પરીખ : ૯૮૨૫૩ ૪૬૮૨૭**

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# તબીબની સામાજિક સેવા



ડો. જયેશ પરીખ

ડોકટર એ પ્રભુનો પ્રતિનિધિ છે. ઈશ્વર બધે પહોંચી ન શકે તે માટે તેણે માતાનું સર્જન કર્યું તે જ રીતે ઈશ્વર ડોકટર દ્વારા બધે પહોંચીને મનુષ્યના આરોગ્યને સાચવે છે. ડોકટર માણસમાં રહેલી સાદાઈનું પ્રતીક છે. ડોકટર શબ્દ જ એક એવી ઉપાધિ છે જેને વિશે કોઈ તર્ક નથી. ડોકટર દેવદૂત બનીને આવે છે અને તમારું દુ:ખ ભૂલાવી આપે છે.

આપણી જ્ઞાતિના અમદાવાદના ડો. જયેશ પરીખ આવા જ ડોકટર છે. તેઓ અગ્રગણ્ય લેપ્રોસ્કોપીક સર્જન છે. તેમણે આરોગ્ય જાગૃતિ માટે અવારનવાર કેમ્પ કર્યા છે. તેમણે પ્રોસ્ટેટ માટેના એક કેમ્પનું ડીસેમ્બર ૮, ૨૦૧૯ ના રોજ આયોજન કર્યું હતું. પુરુષોમાં પ્રોસ્ટેટ કેન્સર ઘણા કિસ્સાઓમાં જોવા મળે છે. જે એક છૂપો શત્રુ છે અને અંતિમ સમયે દેખા દે છે.

આ કેમ્પમાં ઘણા જ્ઞાતિજનોએ પણ લાભ લીધો હતો. પી.એસ.એ. ના રીપોર્ટ બાદ કન્સલ્ટેશન તેમજ પ્રોસ્ટેટ અંગે યોગ્ય સલાહ આપવામાં આવી હતી. ભવિષ્યમાં તેઓ હર્નિયા, કીડની, લીવર તેમજ સંપૂર્ણ શરીર તપાસના કેમ્પ કરશે જ્ઞાતિજનોએ તેનો લાભ લેવા વિનંતી છે. એસ.એમ.એસ. તેમજ વોટ્સઅપ દ્વારા તેની જાણ કરવામાં આવશે.

–તંત્રી

## Star of the caste



### Rajvi Shah

Rajvi Shah, daughter of Alpa & Bhavin Shah, granddaughter of Vishakhaben & Jashvantbhai (Kadivala) Shah, 24 years old, is qualified Architect & performing artisit in Bharatnatyam classical dance. She has learnt Bharatnatyam from Nrityabharti Institute of Bharatnatyam, Ahmedabad under the guidance of kala Guru Shri Chandan Thakore & Smt Nirali Thakore. She has completed her Arrangetral in the year 2009 and at present, she is in the National & International group of her institute. She has performed in more than 100 shows in group dancing. Few of her performances are as follows:

- Recording of 'Shiva- The Creator' at Doordarshan
- 'Vision of India' at Indian Airforce, Nalia
- Anusthan organized by Shyamal-Saumil Munshi
- National Dance Festivals organized by Nrityabharti
- Sooryavandana organized by VivekanadKendra at Sun temple
- Nritya KalaParichay organized by ICCR (Indian Council for Cultural Relations) and many others
- Performing every year on occasion of Vasant Panchami at Savani Performing Arts, Rajkot
- Vaidehi Vanavas at Kidney Hospital
- Nritya mohatsav organized by Kalachakra at Bhavnagar
- Kal ke kalakar organized by Gujarat Sangeet Natak Academy
- Group Choreographies at Lok kala Utsav

**- Editor**

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

## તા. ૧-૧૨-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ સુધી મળેલ રકમ

| પહોંચ | રકમ | નામ | ગામ | વિગત |
|---|---|---|---|---|
| ૧૧૨૯ | ૬૫૦/- | પનાલાલ મોહનલાલ એન્ડ કં. | મુંબઈ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૩૦ | ૬૫૦/- | બી. શૈલેષકુમાર એન્ડ કં | વડોદરા | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૩૧ | ૬૫૦/- | દીપક ટ્રેડર્સ | અમદાવાદ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૩૨ | ૬૫૦/- | એ.બી. જ્વેલર્સ | મુંબઈ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૩૩ | ૬૫૦/- | લાભ પોલીમર્સ | અમદાવાદ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૩૪ | ૧૫૦૦/- | હરીશભાઈ નટવરલાલ શાહ | અમદાવાદ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૩૫ | ૩૫૦/- | પ્રકાશચંદ્ર એન. શાહ | અમદાવાદ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૩૬ | ૧૦૦૦૦/- | ધીરેનભાઈ કે. પરીખ | અમદાવાદ | ભેટ |
| ૧૧૩૭ | ૧૫૦૦/- | ન્યુ જનતા ટ્રાન્સપોર્ટ કં. | મુંબઈ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૩૮ | ૨૫૦૧/- | જશવંતભાઈ કાંતીલાલ શાહ | કડી | ભેટ |
| ૧૧૩૯ | ૧૫૦૦/- | સમીરી વણિક સમાજ મહીલા મં. | અમદાવાદ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૪૦ | ૧૫૦૦/- | સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મં. | અમદાવાદ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૪૧ | ૬૫૦/- | ચંદીલભાઈ નગીનદાસ શાહ | અમદાવાદ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૪૨ | ૧૦૦૦/- | શ્રી જગદીશભાઈ રમણલાલ ઝવેરી | પોંડીચરી | ભેટ |
| ૧૧૪૩ | ૧૫૦૦/- | કોમેટ ઈન્ડસ્ટ્રીઝ | અમદાવાદ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૪૪ | ૫૦/- | પટેલ ગૌરવ મહેશકુમાર | અંજાર | ડીસે. ૧૯ |
| ૧૧૪૫ | ૨૦૦૦/- | કાજલ એજન્સી | ભૂજ | દિવાળી ૧૯-૨૦ |
| ૧૧૪૬ | ૩૫૦/- | શૈલીનભાઈ નલીનભાઈ શાહ | અમદાવાદ | દિવાળી ૧૯-૨૦ |

## વાયડામિત્ર જાહેરાતના નવા દર (તા. ૧-૧૦-૨૦૧૯ થી અમલ)

**દિવાળી અંક માટેના : ૧)** સીંગલ કલર ફૂલ પેજ ૬૫૦/- **૨)** સીંગલ કલર હાફ પેજ ૩૫૦/- **૩)** મલ્ટીકલર પેજ નં. ૪ (કવર પેજ) ૩૦૦૦/- **૪)** મલ્ટી કલર પેજ નં. ૨, ૩, વિગેરે (કવરપેજ) ૨૦૦૦/- **૫)** મલ્ટી કલર ઈનર પેજ ૧૫૦૦/-

**અન્ય અંક માટેના : ૧)** રેગ્યુલર પેજ નં. ૪ રૂા. ૧૫૦૦/- **૨)** ફૂલ પેજ (સીંગલ કલર) રૂા. ૪૦૦/- **૩)** હાફ પેજ (સીંગલ કલર) રૂા. ૨૦૦/- **૪)** કવર પેજ નં.૨ ૩ (મલ્ટી કલર) રૂા. ૧૦૦૦/- **૫)** પેનલ એડ રૂા. ૮૦૦/- **૬)** લગ્ન વિષયક જાહેર ખબર નિ:શુલ્ક

**- નિશીશ પરીખ, વ્યવસ્થાપક, ૯૪૨૮૪૬૧૮૨૨**

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વલ્લભદાસ મોતીચંદ પરિવાર, (કોલ્હાપુર)ના સર્વ જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ.

# જ્ઞાતિ સમાચાર

**સમાચાર–સંપાદક :** દીપક મહેન્દ્રભાઈ શાહ, ૪૦, આરોહી રેસીડેન્સી, આરોહી હોમ્સની પાછળ, ગાલા જીમખાના રોડ, સાઉથ બોપલ, અમદાવાદ – ૩૮૦ ૦૫૨. ફોન : ૯૮૭૯ ૧૧૦૦૨૭

(M) 98791 10027, E-Mail : dmshah2163@gmail.com

૧.) વાયડામિત્ર નહીં મળવા અંગેની ફરિયાદ માત્ર એસ.એમ.એસ., વોટ્સ એપ અથવા પત્ર દ્વારા **ફક્ત શ્રી પ્રમોદભાઈને** જ મોકલવી જેથી બીજો અંક પોસ્ટ દ્વારા મોકલી શકાય. મેસેજમાં પોતાનું હાલનું અને જૂનું સરનામુ ખાસ લખવું.

૨.) જ્ઞાતિ સમાચાર **ફક્ત સમાચાર સંપાદકશ્રીને** જ મોકલવા.

૩.) લેખ, કવિતા, શ્રધ્ધાંજલિ, જા.ખ તથા અહેવાલ **ફક્ત તંત્રીશ્રીને** જ મોકલવા.

## જન્મ

**ગાંધીનગર :** મીરાબેન સાગરભાઈ શાહને ત્યાં પુત્રી સ્તુતિનો જન્મ તા. ૬–૧૧–૧૯ના રોજ

## અભિનંદન

**પાટણ – અમદાવાદ :** વૈષ્ણવી આનલ ગૌતમભાઈ જીવણલાલ શાહ કેનેડામાં ધો. ૧૦માં ચાર એવોર્ડ મળ્યા.

### વર્ષ ૨૦–૨૧ની વાર્ષિક મલ્ટીકલર જાહેર ખબર અંગે

૧. વાયડામિત્ર ના દરેક અંકમાં કવર પેજ નં. ૨, ૩ અને ૪ ઉપર મલ્ટીકલર જાહેરખબર આપવામાં આવે છે.

૨. મલ્ટીકલર જાહેરખબર કુલ ૧૦ અંક માટે (દિવાળી અંક સિવાય) વાર્ષિક ધોરણે લેવામાં આવે છે.

૩. કવર પેજ ૨,૩ નો વાર્ષિક (કુલ ૧૦ અંક) (દિવાળી અંક સિવાય) માટે નો ચાર્જ રૂા. ૧૦,૦૦૦/– છે જયારે કવર પેજ નં. ૪ નો વાર્ષિક (કુલ ૧૦ અંક) (દિવાળી અંક સિવાય) માટે નો ચાર્જ ૧૫,૦૦૦/– છે

૪. ઉપરોક્ત જાહેરખબર વહેલા તે પહેલા ના ધોરણે લેવામાં આવે છે.

૫. જે કોઈ જ્ઞાતિબંધુ ને જાહેરખબર છપાવવી ઈચ્છા હોય તેમણે સત્વરે મારો સંપર્ક કરવા વિનંતી છે.

**– નિશીશ પરીખ, વ્યવસ્થાપક, ૯૪૨૮૪૬૧૮૨૨**

એમ. જે. નગરશેઠ (અમેરિકા)ના જય શ્રી કૃષ્ણ.

# શ્રધ્ધાંજલિ



**સ્વ. સૌરભભાઈ જગતકિશોર શાહ**

**જન્મ : ૨૭–૮–૧૯૮૦ શ્રીજી ચરણ : ૧૮–૧૨–૨૦૧૯**

૮, સુદેવી સોસાયટી, પી. ટી. કોલેજની બાજુમાં,
શાંતિવન પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭

પરમકૃપાળુ પરમાત્મા આપના જીવાત્માને ચિર:શાંતિ અર્પે તેમજ આવી પડેલ દુ:ખ સહન કરવાની સૌને શક્તિ અર્પે એ જ પ્રાર્થના.

**શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ**

# શ્રધ્ધાંજલિ

★★★



**સ્વ. નેહા નરેન્દ્ર શાહ**

**જન્મ : ૧૮–૦૧–૧૯૮૫** **શ્રીજી ચરણ : ૦૩–૦૧–૨૦૧૪**

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી ?
વિદાય તારી અણધારી હશે ક્યાં ખબર હતી ?
આશા–અરમાન અધુરાને આંખડી મીંચાઈ ગઈ !
હસતા રમતા પરિવારની દિશા અને ઋતુ જ બદલાઈ ગઈ
તું આજે અમારી સાથે હોત તો અમારૂ જીવન કંઈક અલગ જ હોત
તારી સાથે બહુ જ ઓછો સમય વિતાવ્યો છે પરંતુ...
તારી ખોટ તો જીવનભર અધુરી રહેશે.
આપના પવિત્ર આત્માને પરમેશ્વર
પરમ શાંતિ અર્પે એજ અભ્યર્થના

**શાહ કરસનદાસ ખેંગાર પરિવાર**



## Best Wishes From

# Shri Jethalal Acharatlal Parikh & Smt. Vidhyagauri Jethalal Parikh Family

### RJP Infrastructure Pvt. Ltd.
**Civil Engineers & Contractors - Since 1970**
**An ISO 9001 : 2008 Company**
4th Floor, **RJP House**, Anandnagar Cross Road,
Satellite, Ahmedabad-380015.
079-26931248, 49, 52

### J.J. Parikh & Brothers
**Pharmaceutical Distributors**
**Since 1947**
Mahakant Building, Opp. V.S. Hospital,
Ellisbridge, Ahmedabad-380006.
079-26576493, 26575693

### J. Bipinchandra & Co.
**Pharmaceutical Distributors**
**Since 1990**
Nagarshethno Vando
& Biscuit Gali, Nr. Pankor Naka,
Ahmedabad-380001.

### J. J. Parikh Pharma Pvt. Ltd.
**Pharmaceutical Distributors**
**Since 1996**
**C & F Agent for Pharmaceutical Companies**
Vidhya Estate, Nr. Ekta Hotel,
Sarkhej, Ahmedabad.

### Late Shri Jashubhai J. Parikh - Adv.
### Mrugesh J. Parikh – Advocate
**Panel Advocate of more than15 insurance companies**
3rd Floor, Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.
079-26577317

### JARUN
### Pharmaceuticals Pvt. Ltd.
**Pharmaceutical Company**
**Since 2007**
3rd Floor Hasubhai Chambers, Nr. Town Hall,
Ellisbridge, Ahmedabad-380006.

**Ramendra – Gita Parikh**
**Keval – Kinnari**
**Chinmayee, Sharman**
**Vrajesh – Shefali Shelat**
**Om, Arjun**

**Jashubhai – Kokilaben Parikh**
**Harshul – Alpa , Mrugesh - Ratna**
**Bhrita, Darsh, Parita, Darshil**
**Bakul – Nita Dalal**
**Meera – David Burns**
**Chinmay**

**Umakant – Maya Parikh**
**Ina**
**Hiren – Shruti**
**Harshank, Mishika**
**Bhavesh – Shital Choksi**
**Shivam, Ritika**

Regi. under RNI No. 6316/57. Permitted to post at Ahmedabad PSO On 10th of every month under postal regd. No. MEH Dn.-296/2019-2021 Issued By SSP, Mehsana, Valid upto 31-12-2021 પ્રકાશન ૧૦/૧/૨૦૨૦




ઈન્દુભાઈ ડાહયાભાઈ શાહ પરિવાર

તથા સર્વે કુટુંબીજનોના જય શ્રી કૃષ્ણ

મધુબન, અપંગ માનવ મંડળ પાસે, ડો. વિક્રમ સારાભાઈ રોડ,
અટીરા, અમદાવાદ – ૩૮૦ ૦૧૫


## PRINTED BOOK

If undelivered please return to: **SHRENIK PARIKH,** B-7, Shree Siddhi Duplex, nr. Apollo Hospital City Centre, Ambawadi, Ahmedabad - 380006
E-mail : vayvaset@gmail.com

Printed and Published by SHRENIK NAVINCHANDRA PARIKH on behalf of AKHIL BHARTIYA VAYADA PARISHAD ASSOCIATION and printed at Shree Vallabh Printery, 2/B, Ellisbridge Shopping Centre, Behind Ellisbridge Police Station, Opp. Town Hall, Ahmedabad - 380 006 and published from B/7, Shree Siddhi Duplex, Near Apollo Hospital City Centre, Core House, Near Police Quarter, Parimal Garden, Ahmedabad - 380 006. Editor - SHRENIK NAVINCHANDRA PARIKH